RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 04-10-2026 I VOL : 12 I Issue : 199 I Page : 8 I Price : 1.00/-


**સુવિચાર**

જે લોકો તમને નીચે ખેંચે છે, તેમનાથી અંતર રાખવું પણ સમજદારી છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  ડભોઇ ટાઉનહોલના નિર્માણમાં કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી: જગન્નાથ પાર્કમાં ગંદા...

4 

પચાસ હજારથી શરૂ થયેલી બોલી પાંચ લાખ સુધી પહોંચી છતાં...

6  પરિણીતી ચોપરાનું શાનદાર કમબેક: સસ્પેન્સ અને થ્રિલરથી ભરપૂર...

7  એશિયન ગેમ્સમાં પાકિસ્તાનને હરાવીને ભારતે ગોલ્ડ જીત્યો


## એક નજર...

### ગ્લેમરસ પોઝ આપતી જોવા મળી અમાયરા દસ્તુર



પોતાની શાનદાર એક્ટિંગ સ્કિલ્સ અને આકર્ષક લુકના કારણે અમાયરાએ બોલિવૂડ અને સાઉથ ઈન્ડસ્ટ્રી બંનેમાં પોતાની એક ખાસ ઓળખ બનાવી છે. બોલિવૂડ અભિનેત્રી અમાયરા દસ્તુર આ લાઈટ બ્લુ ચેક્સ્ડ શોર્ટ સ્લિપ ડ્રેસમાં ખૂબ જ બોલ્ડ, ગ્લેમરસ અને સ્ટાઈલિશ અંદાજમાં નજરે પડી રહી છે.

## NEWS TRACK

### હોર્મુઝમાં જહાજ પર મિસાઇલ હુમલો: ઓઇલ ટેન્કર પર હુમલા વચ્ચે 5 ભારતીયોનો આબાદ બચાવ

હોર્મુઝ જળસંધિમાં શુક્રવારે એક જહાજ પર મિસાઈલ હુમલો થયો હતો. આ જહાજમાં 5 ભારતીયો સવાર હતા. ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસે શનિવારે જણાવ્યું કે પાંચેય ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. આ નાવિકો કુવૈતના ધ્વજવાળા ટેન્કર એમટી કાજિમાહ III પર સવાર હતા. આ જહાજ ક્રુડ ઓઈલથી ભરેલું હતું અને આફ્રિકા તરફ જઈ રહ્યું હતું. જોકે, આ હુમલો કોણે કર્યો તે અંગે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી. ફેબ્રુઆરીથી અત્યાર સુધી હોર્મુઝમાં થયેલા હુમલાઓમાં 100થી વધુ ભારતીય નાવિકો પ્રભાવિત થઈ ચૂક્યા છે. જ્યારે, આ હુમલાઓમાં 11 ભારતીય નાવિકોના મોત થયા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે અગાઉ મંગળવારે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ચાલી રહેલા વ્યાવસાયિક જહાજો પર 4500થી વધુ ભારતીય નાવિકો સવાર છે. જયસ્વાલના જણાવ્યા અનુસાર, હાલમાં ફારસની ખાડીમાં ભારતના ધ્વજવાળા 6 વ્યાવસાયિક જહાજો છે. આ ઉપરાંત 6 વિદેશી ધ્વજવાળા જહાજો પણ છે.

### અમેરિકામાં હિન્દુ મંદિર પર હુમલો, બારીઓ તૂટી:પૂજારી સહિત શ્રદ્ધાળુઓ અંદર હાજર હતા

અમેરિકાના ઓહાયોમાં શુક્રવારે હિંદુ મંદિર પર હુમલો કરવામાં આવ્યો. હુમલામાં મંદિરને ઘણું નુકસાન થયું. હિંદુ અમેરિકન ફાઉન્ડેશનના જણાવ્યા અનુસાર, બપોરે 1:30 વાગ્યે રિચમંડ હાઈટ્સ સ્થિત શ્રી સ્વામિનારાયણ વડતાલ ધામ હિંદુ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું. હુમલાખોરોએ મંદિરની ઈમારત પર ઈંટો ફેંકી. કોઅલિશન ઑફ હિંદુઝ ઑફ નોર્થ અમેરિકાએ જણાવ્યું કે ઈંટોથી મંદિરની બારીઓ તૂટી ગઈ. ઘટના સમયે પૂજારી અને અનેક શ્રદ્ધાળુઓ મંદિરની અંદર હાજર હતા. હિંદુ અમેરિકન ફાઉન્ડેશને જણાવ્યું કે ઘટનાના CCTV ફૂટેજ ઉપલબ્ધ છે. અધિકારીઓ તેની તપાસ કરી રહ્યા છે. સંગઠને FBI અને સિવિલ રાઈટ્સને આ અંગે માહિતી આપવાની વાત કહી છે. હિંદુ સ્વયંસેવક સંઘ USAના જણાવ્યા અનુસાર, છેલ્લા 5 વર્ષમાં અમેરિકામાં હિંદુ મંદિરોને નિશાન બનાવીને તોડફોડની 15થી વધુ ઘટનાઓ બની છે. તેમાં 6 BAPS મંદિરો સામેલ હતાં. મંદિરની અંદરની બારીઓના તૂટેલા કાચ જમીન પર પડેલા જોવા મળ્યા. હિંદુ અમેરિકન ફાઉન્ડેશને કહ્યું કે તે દરેક શક્ય મદદ આપવા માટે તૈયાર છે.

### મલ્લિકાર્જુન ખડગેએ લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓ તાત્કાલિક ભંગ કરવાની માંગ કરી

# નવેસરથી ચૂંટણી કરાવો, PM મોદી ગેરકાયદે સત્તા પર છે: બેલેટ પેપરથી ચૂંટણીની માગ સાથે ખડગેનો પ્રહાર

નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓ તાત્કાલિક ભંગ કરવાની માંગ કરી છે. તેમણે દાવો કર્યો કે, દેશમાં થયેલી તમામ ચૂંટણીઓ ગેરકાયદેસર છે, જેથી મોદી સરકાર પણ ગેરકાયદેસર છે. ખડગેએ EVMને બદલે બેલેટ પેપરથી નવેસરથી ચૂંટણી યોજવાની માંગ કરી છે. તેમણે મતદાર યાદી સુધારણામાં ગરબડ અને ચૂંટણી કમિશનરોની નિમણૂકના નવા કાયદા સામે પણ વાંધો ઉઠાવ્યો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે દેશની લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓ તાત્કાલિક ભંગ કરવાની માંગ કરીને રાજકીય ગરમાવો લાવી દીધો




છે. તેમણે દાવો કર્યો કે, દેશમાં થયેલી તમામ ચૂંટણીઓ ગેરકાયદેસર રીતે યોજાઈ છે અને તેના આધારે બનેલી સરકારો તથા મુખ્યમંત્રીઓ પણ ગેરકાયદેસર છે. ખડગેએ માગ કરી છે કે, તમામ ગૃહો ભંગ કરીને નવેસરથી ચૂંટણી યોજવામાં આવે અને તેમાં EVMને બદલે બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવે. પત્રકારો સાથે વાતચીતમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે(Mallikarjun Kharge)એ જણાવ્યું કે, 'આજે આખો દેશ ગેરકાયદે ચૂંટણીઓના આધારે ચાલી રહ્યો છે. મોદી એક ગેરકાયદે વડાપ્રધાન છે, શાહ એક ગેરકાયદે મંત્રી છે અને જ્યાં પણ મુખ્યમંત્રીઓ ચૂંટાયા છે, તે તમામ ગેરકાયદે છે. આ તમામને ભંગ કરી દેવા જોઈએ, નવી ચૂંટણીઓ યોજવી જોઈએ અને ચૂંટણીઓ બેલેટ પેપર દ્વારા કરાવવી જોઈએ.'

## રાહુલ ગાંધીએ 'સત્યાગ્રહ' પહેલ શરૂ કરી: કહ્યું- લોકો પોતાની સમસ્યાઓ મોકલે

### મહાત્મા ગાંધીએ પણ આ જ રીત અપનાવી હતી, આજે પણ રેકોર્ડમાં 8,500+ પત્રો

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ દેશભરમાં અન્યાય અને પોતાના હક માટે લડી રહેલા લોકોના અવાજને એકસાથે જોડવા માટે સત્યાગ્રહ નામની પહેલ શરૂ કરી છે. રાહુલે કહ્યું કે જે લોકો અન્યાય સામે લડી રહ્યા છે, તેઓ પોતાની કહાની મોકલે. હું વિપક્ષના નેતા તરીકે સંસદથી લઈને રસ્તા સુધી તમારી સાથે ઊભો છું. રાહુલની આ પહેલનું નામ મહાત્મા ગાંધીના 'સત્યાગ્રહ' સાથે જોડાયેલું છે. આઝાદીની લડાઈ દરમિયાન ગાંધીજીએ પણ આ જ રીત અપનાવી હતી. ગાંધી હેરિટેજ પોર્ટલ અનુસાર, તે સમયે લોકોએ ગાંધીજીને જમીન, સંપત્તિ, જેલ અને અન્યાય સાથે જોડાયેલા મામલાઓની માહિતી મોકલી હતી. ગાંધીજીને મોકલવામાં આવેલા 8,500થી વધુ પત્રો આજે પણ ઉપલબ્ધ છે. જોકે, વાસ્તવિક સંખ્યા વધુ હોઈ શકે છે. રાહુલ ગાંધીએ X પર લખ્યું- દેશભરમાં લોકો પોતાના હક માટે લડી રહ્યા છે અને ઘણીવાર એકલા લડી રહ્યા છે. જેન-ઝી, વિદ્યાર્થીઓ, ખેડૂતો, આદિવાસીઓ, દલિતો, મહિલાઓ. દરેક સંઘર્ષની પોતાની એક કહાની છે. પરંતુ જે અવાજ એકલો ઊઠે છે, તે ઘણીવાર દબાઈ જાય છે.

## એર ચીફ માર્શલે કહ્યું- તેજસની ડિલિવરીમાં વિલંબ આપણું નુકસાન

નવી દિલ્હી

એર ચીફ માર્શલ એપી સિંહે શનિવારે જણાવ્યું કે તેજસ લડાકુ વિમાનોને સામેલ કરવામાં થઈ રહેલા વિલંબથી ભારતીય વાયુસેનાને નુકસાન થઈ રહ્યું છે. વર્તમાન પરિસ્થિતિમાં પડકારોનો સામનો કરવા માટે હવાઈ શક્તિ ખૂબ જ જરૂરી બની રહી છે અને વાયુસેના પાસે ફાઈટર જેટ સ્ક્વોડ્રનની સંખ્યા ઘટી રહી છે. એર ચીફે જણાવ્યું કે વાયુસેનાને આગામી કેટલાક વર્ષો સુધી દર વર્ષે ઓછામાં ઓછા 36-40 ફાઈટર જેટની જરૂર પડશે.

## મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ સાથે દિલ્હીમાં જંતર-મંતર પર ઉગ્ર વિરોધપ્રદર્શન

### યોગેન્દ્ર યાદવ, પ્રશાંત ભૂષણ અને કપિલ સિબ્બલ સહિતના દિગ્ગજોની અટકાયત!

નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હીમાં લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા સામે સવાલો ઉઠાવતા વિરોધપ્રદર્શનોએ ફરી એકવાર ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના તાત્કાલિક રાજીનામાની માંગ સાથે આજે ફરી એકવાર મોટી સંખ્યામાં સામાજિક કાર્યકરો, રાજકીય નેતાઓ અને જાગૃત નાગરિકોએ દિલ્હીના પ્રખ્યાત જંતર-મંતર તરફ કૂચ કરી હતી. જોકે, દિલ્હી પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા આ પ્રદર્શનને કચડી નાખવા માટે સખત પગલાં લેવામાં આવ્યા હતા અને પ્રદર્શનકારીઓને જંતર-મંતર પહોંચતા અટકાવીને કેરળ હાઉસ નજીક જ મોટાપાયે અટકાયતમાં લઈ લેવામાં આવ્યા હતા. શું છે સમગ્ર વિરોધપ્રદર્શન અને અટકાયતની ઘટના? ગઈકાલે બીજી ઑક્ટોબરે ગાંધી જયંતીના પાવન અવસર પર શરૂ થયેલા વિરોધપ્રદર્શનોની કડીરૂપે આજે ડાબેરી (લેફ્ટ) સંગઠનો દ્વારા વધુ એક કૂચનું આહ્વાન કરવામાં આવ્યું હતું. ઘટનાસ્થળે હાજર રહેલા પત્રકારોના અહેવાલ મુજબ, પ્રદર્શનકારીઓ પ્લેકાર્ડ્સ અને સૂત્રોચ્ચાર સાથે જંતર-મંતર તરફ આગળ વધી રહ્યા હતા, પરંતુ દિલ્હી પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને તેમને રસ્તામાં જ રોકી દીધા હતા.

# નંદુરબારના નવાપુરમાં ખાકીની છત્રછાયા નીચે ધમધમી રહ્યો છે જુગાર અને ડ્રગ્સનો સૌથી મોટો કાળો સામ્રાજ્ય

## ગોમુખ-ખિખડામાં રોજના કરોડોના દાવ, ડી-કંપનીના ઈશારે નાચી રહી છે પોલીસ!

પાક્કો ગુજરાત ન્યૂઝ
નંદુરબાર/અમદાવાદ

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાની સરહદે આવેલો નવાપુર વિસ્તાર આ સમયે અપરાધ, આતંક અને પોલીસ સંરક્ષણના એક એવા ખતરનાક દલમાં ફસાઈ ચૂક્યો છે, જેને જોઈને રૂંવાડા ઊભા થઈ જાય! નવાપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ગોમુખ ગામથી માંડ બે કિલોમીટર દૂર આવેલા ખિખડા ગામમાં અપરાધોનું એવું સામ્રાજ્ય ખડું થઈ ગયું છે, જ્યાં કાયદો, બંધારણ અને પોલીસ તંત્ર સંપૂર્ણપણે ઘૂંટણ ટેકી ચૂક્યું છે. અહીં રોજના કરોડો રૂપિયાનો જુગાર ખુલ્લેઆમ રમાઈ રહ્યો છે, પરંતુ ખાકી વર્દી પહેરેલા ભ્રષ્ટ અધિકારીઓના કાન પર જ સરકતી નથી!

'પાક્કો ગુજરાત'ના હાથ લાગેલી વિસ્ફોટક વિગતો અનુસાર, આ અત્યંત સંવેદનશીલ અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા ગંભીર મામલાએ સમગ્ર વહીવટી તંત્રની પોલ ખોલીને રાખી દીધી છે. આવો જાણીએ આ કાળા કારોબારની ધ્રુજારી ઉપજાવતી હકીકત:

### અપરાધનું કાળું ચિટ્ઠું: ખિખડા ગામ બન્યું જુગાર, ડ્રગ્સ અને અંડરવર્લ્ડનો અડ્ડો

અંડરવર્લ્ડ અને અપરાધીઓનું બેફામ સિન્ડિકેટ:

આ ગેરકાયદેસર અને ખતરનાક ધંધાની મુખ્ય ડોર પપ્પુ, રઈસ શેખ અને સુરજ જયસ્વાલના હાથમાં છે. આ બદમાશોના હોંસલા એટલા બુલંદ છે કે તેમને સ્થાનિક પોલીસ, એસપી કે રેન્જ આઈજી કોઈનો પણ ડર નથી. ખુલ્લેઆમ તેમનું નેટવર્ક કાયદાની આંખમાં ધૂળ ઝીંકી રહ્યું છે.

### ગુજરાતના 'મોસ્ટ વોન્ટેડ' અને 200 જુગારીઓનો જમાવડો:

રાત્રિના અંધકારમાં ખિખડા ગામના આ અડ્ડા પર જે દ્રશ્ય જોવા મળે છે, તે કોઈ ફિલ્મી ડ્રામાથી કમ નથી. બાજુના રાજ્ય ગુજરાતના અનેક મોસ્ટ વોન્ટેડ અપરાધીઓ અંધારાનો લાભ લઈને અહીં બેફામ પહોંચે છે. દરરોજ રાત્રે ૧૫૦ થી ૨૦૦ શાતિર જુગારીઓ ભેગા થઈને કરોડો રૂપિયા દાવ પર લગાવે છે.

દારૂ, ડ્રગ્સ અને સરેઆમ આતંક:

આ અડ્ડો માત્ર જુગાર પૂરતો મર્યાદિત નથી, પરંતુ અહીં અધધધ દારૂ અને ખતરનાક ડ્રગ્સનું ઝેર ખુલ્લેઆમ વેચાય છે. નશામાં ધૂત અસામાજિક તત્વો આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં એવો ત્રાસ મચાવે છે કે માસૂમ બાળકો અને મહિલાઓનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. જો કોઈ વિરોધ કરવાની હિંમત કરે, તો તેને જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકીઓ અપાય છે.

### 'ડી-કંપની' સાથેનું સીધું કનેક્શન અને હપ્તાવાદી ખેલ:

સૌથી ડામાડોળ અને ગંભીર પાસું એ છે કે આ ગેરકાયદેસર અડ્ડા પરથી થતી કાળી કમાણીનો મોટો હિસ્સો–એટલે કે રોજના ૨ લાખ રૂપિયા જેટલી માતબર રકમ–રઈસ શેખ સીધી 'ડી-કંપની'ના ગુનેગારો અને કારિંદાઓ સુધી પહોંચાડી રહ્યો છે! અંડરવર્લ્ડનો આ પડછાયો આખા વિસ્તારમાં એ વાતની સાક્ષી પૂરે છે કે કેવી રીતે માફિયાઓ અને ભ્રષ્ટ તંત્રની મિલીભગતથી દેશની સુરક્ષા દાવ પર લાગેલી છે.

### પોલીસ, એસપી અને રેન્જ આઈજીની શંકાસ્પદ અને અપરાધિક ચૂપકીદી:

સ્થાનિક નવાપુર પોલીસ સ્ટેશનથી લઈને જિલ્લા પોલીસ અધિક્ષક (SP) અને સંબંધિત રેન્જ આઈજી કાર્યાલય સુધી આ ખતરનાક ખેલની પક્કી અને વારંવાર જાણકારી આપવામાં આવી છે. છતાં આજદિન સુધી એક પાંદડું પણ હલ્યું નથી, જે સાબિત કરે છે કે આ ખાકીધારીઓ અને જુગાર માફિયાઓ વચ્ચે ગાઢ અને મજબૂત સાઠગાંઠ છે!

## ગુજરાતના મોસ્ટ વોન્ટેડ ક્રિમિનલ્સ અને અંડરવર્લ્ડના ગુનેગારોનું સેફ ઝોન બન્યું ખિખડા ગામ: પપ્પુ, રઈસ શેખ અને સુરજ જયસ્વાલના આતંકથી ધ્રૂજી રહ્યા છે ગ્રામીણો, ડીજીપીને ખુલ્લી ચેતવણી- વહેલી તકે કાર્યવાહી નહીં થાય તો ફાટી નીકળશે મહા-આંદોલન!

### "પાક્કો ગુજરાત"ની હુંકાર: હવે કાં તો કડક કાર્યવાહી થશે, અથવા ફાટી નીકળશે મહા-આંદોલન!

ખિખડા ગામના ત્રસ્ત અને ભયભીત નાગરિકો સાથે મળીને 'પાક્કો ગુજરાત' પ્રશાસનને ખુલ્લી ચેતવણી આપે છે કે જો તાત્કાલિક ધોરણે નીચે મુજબના પગલાં નહીં ભરાય, તો પરિસ્થિતિ બેકાબૂ બનશે:

સ્થાનિક પોલીસ તંત્રને બાજુ પર મૂકીને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) અથવા રાજ્ય સ્તરની ગુપ્તચર એજન્સી દ્વારા આ સમગ્ર નેક્સસની ઉચ્ચસ્તરીય તપાસ કરાવવામાં આવે.

ખિખડા ગામના આ ગેરકાયદેસર અડ્ડા પર સપાટો બોલાવીને પપ્પુ, રઈસ શેખ, સુરજ જયસ્વાલ અને ગુજરાતથી આવતા તમામ મોસ્ટ વોન્ટેડ અપરાધીઓને જેલભેગા કરવામાં આવે.

નવાપુર પોલીસ સ્ટેશનના સંડોવાયેલા અને બેજવાબદાર અધિકારીઓ તેમજ આ માફિયાઓને આશરો આપનારા ભ્રષ્ટ ચહેરાઓને તાત્કાલિક બરતરફ કરી તેમની સામે ફોજદારી (ક્રિમિનલ) ગુનાઓ દાખલ કરવામાં આવે.

જો રાજ્ય વહીવટી તંત્ર દ્વારા આ ગંભીર મામલે બુલડોઝર જેવી સખત કાર્યવાહી નહીં કરાય, તો જનતાનો આ રોષ રાજ્યવ્યાપી જન-આંદોલન અને ઉચ્ચ ન્યાયાલયના દરવાજા સુધી પહોંચીને આ ભ્રષ્ટ તંત્રની ઊંઘ હરામ કરી દેશે!


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના નાક નીચે "A-One ડાયાલિસીસ પ્રોગ્રામ"માં કરોડોનું કૌભાંડ

## મંજૂર પદો કરતાં વધુ ભરતી, બોગસ અનુભવ સર્ટિફિકેટના જોરે ઉંચા પગારની લ્હાણી અને નેફ્રોલોજિસ્ટ ડૉ. ઉષા પટેલ સાથેની સાંઠગાંઠથી તંત્રમાં મચી ગયો હાહાકાર! : પ્રોજેક્ટ ઓફિસર નરેશ પટેલ અને જે.સી. પટેલની જોડીએ ડાયાલિસીસ સેન્ટરોને લૂંટફાટના અડ્ડા બનાવ્યા: "પટેલ લોબી" દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચારની ઉચ્ચસ્તરીય ન્યાય તપાસની ઉગ્ર માંગ!

ગાંધીનગર/અમદાવાદ

ગુજરાત સરકાર દ્વારા ગરીબ અને કિડનીના ગંભીર દર્દીઓની સારવાર માટે શરૂ કરવામાં આવેલા મહત્વપૂર્ણ 'A-One ડાયાલિસીસ પ્રોગ્રામ'માં વહીવટી તંત્રના ભ્રષ્ટ અધિકારીઓએ લૂંટફાટ મચાવી દીધી છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના વિભાગ હેઠળ ચાલતા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં નિયમોને નેફરે તાકીને વ્યાપક પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાના ચોંકાવનારા અને ગંભીર પુરાવાઓ સામે આવ્યા છે. પ્રોજેક્ટ ઓફિસર નરેશ પટેલ અને વહીવટી અધિકારી જે.સી. પટેલની જોડી દ્વારા ચલાવવામાં આવતી મનમાની અને ચોક્કસ 'લોબી'ના ભ્રષ્ટ ખેલને કારણે સરકારી તિજોરીને ચૂનો લાગી રહ્યો છે.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના હાથ લાગેલી માહિતી મુજબ, આ ડાયાલિસીસ પ્રોગ્રામમાં ઓવર-બિલિંગ, ગેરકાયદેસર ભરતીઓ, બોગસ અનુભવ સર્ટિફિકેટના આધારે પગારના સ્લેબમાં ગોટાળા અને ડોક્ટરોને બિનજરૂરી નાણાંની લ્હાણી કરવાના ગંભીર કૌભાંડોનો પર્દાફાશ થયો છે.



કૌભાંડના મુખ્ય અને ઘાતક મુદ્દાઓ: કાગળ પર ચાલતો ભ્રષ્ટાચારનો ખેલ

૧. મંજૂર સંખ્યા કરતાં બેફામ વધુ ભરતી (ઓવર-સ્ટાફિંગનું કૌભાંડ)

ટેન્ડરના નિયમો મુજબ Senior HD Technician ના માત્ર ૧૦ પદ જ નક્કી કરવામાં આવ્યા છે. નિયમ અનુસાર કોઈપણ પ્રોજેક્ટમાં મંજૂર સંખ્યામાં વધુમાં વધુ ૨૫% સુધીનો જ વધારો થઈ શકે છે, એટલે કે કોઈપણ સંજોગોમાં ૧૩ થી વધુ પદો ભરી શકાય નહીં. પરંતુ, પ્રોજેક્ટના ભ્રષ્ટ વહીવટકર્તાઓ દ્વારા નિયમોને નેફરે તાકીને ૩૦ કે તેથી વધુ કર્મચારીઓની ગેરકાયદેસર ભરતી/તૈનાતી કરી દેવામાં આવી છે! આટલી મોટી સંખ્યામાં વધારાની ભરતી કયા સત્તાવાર નિયમ કે મંજૂરીના આધારે કરવામાં આવી? તે એક મોટો સવાલ છે. આ સાથે જ Junior HD Technician અને Assistant Technicianના પદોમાં પણ મોટાપાયે ગેરરીતિઓ આચરવામાં આવી હોવાની આશંકા છે.

૨. બોગસ અનુભવ સર્ટિફિકેટ અને 'પટેલ લોબી'નો કાળો કારોબાર

ટેન્ડર મુજબ ટેકનિશિયનો માટે પગારના ત્રણ સ્લેબ નક્કી કરવામાં આવ્યા છે:

૧૦ વર્ષના અનુભવ વાળાને ૪૦,૦૦૦ રૂપિયા,

૭ થી ૧૦ વર્ષના અનુભવ વાળાને ૩૨,૦૦૦ રૂપિયા, અને

બાકીના માટે ૨૪,૦૦૦ રૂપિયા પગાર.

પરંતુ, પ્રોજેક્ટ ઓફિસર નરેશ પટેલ દ્વારા મનસ્વી રીતે ગમે ત્યાંથી અને ગમે તેવા સર્ટિફિકેટ સ્વીકારીને ટેકનિશિયનોને ઉંચા પગારના સ્લેબમાં ગોઠવી દેવામાં આવ્યા છે! દાખલા તરીકે, બહેરામપુરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ડાયાલિસીસ વિભાગમાં ફરજ બજાવતી ટેકનિશિયન ભૂમિ પટેલ દ્વારા વધારે અનુભવ બતાવીને સીધા રૂ. ૩૨,૦૦૦ના સ્લેબમાં ગોઠવણ કરી દેવાઈ છે. હકીકતમાં તે બે વર્ષ વિદેશમાં રહી હતી જેનો ઉલ્લેખ સર્ટિફિકેટમાં છુપાવવામાં આવ્યો હતો. આ વાત પ્રોજેક્ટ ઓફિસર નરેશ પટેલ અને વહીવટી અધિકારી જે.સી. પટેલ સારી રીતે જાણતા હોવા છતાં, ૨૪,૦૦૦ના સ્લેબવાળાને સીધા ૩૨,૦૦૦ના સ્લેબમાં ગોઠવી દીધા!

આ સ્પષ્ટપણે સાબિત કરે છે કે સમગ્ર પ્રોજેક્ટમાં માત્ર અને માત્ર 'પટેલ લોબી' ચલાવવામાં આવી રહી છે. ટેકનિશિયનો પાસેથી સેટિંગ કરીને પૈસાનો 'તોડ' કરવો અને એજન્સીઓ પાસેથી દર મહિને હપ્તા વસૂલવા એ જ આ વહીવટકર્તાઓનો મુખ્ય ઉદ્દેશ્ય બની ગયો છે.

૩. ડોક્ટરોને બિનજરૂરી વિઝિટના નામે નાણાંની લ્હાણી (ડૉ. ઉષા પટેલની બેફામ લૂંટ)

જ્યાં ઓછા દર્દીઓ છે તેવા નાના ડાયાલિસીસ સેન્ટરો પર પણ નિયમો વિરુદ્ધ જઈને અઠવાડિયામાં ૩-૩ વાર ડોક્ટરોની બિનજરૂરી વિઝિટ ગોઠવી દેવામાં આવી છે. ખાસ કરીને નેફ્રોલોજિસ્ટ ડૉ. ઉષા પટેલ છેલ્લા બે વર્ષથી પ્રોજેક્ટ ઓફિસર નરેશ પટેલ અને જે.સી. પટેલ સાથે સાંઠગાંઠ કરીને સરકારી નાણાંની બેફામ લૂંટ ચલાવી રહી છે.

સવાલ એ ઊભો થાય છે કે શું ખરેખર આટલી વિઝિટ થતી હતી?

શું ડોક્ટર દ્વારા દર્શાવેલા કલાકો ખરેખર દર્દીઓની સેવા માટે ફાળવવામાં આવ્યા હતા?

ડોક્ટરોની નિમણૂકથી લઈને તેમની વિઝિટ અને બિલ ચુકવણીમાં પણ ચોક્કસ જાતિ અને મળતિયાઓને જ આડેધડ આર્થિક લાભ આપવામાં આવ્યો છે. જો તમામ સેન્ટરોના OPD/Visit Register, Biometric/GPS રેકોર્ડ અને દર્દીઓની હાજરીની તટસ્થ તપાસ કરવામાં આવે, તો મોટું કૌભાંડ બહાર આવે તેમ છે.

### "પાક્કો ગુજરાત" ન્યૂઝ પેપરની કડક માંગ

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના વિભાગ હેઠળ ચાલતા આ સંવેદનશીલ પ્રોજેક્ટમાં આચરાયેલા આ ભ્રષ્ટાચાર અંગે 'પાક્કો ગુજરાત' સ્પષ્ટ માંગ કરે છે કે:

1. તમામ કર્મચારીઓના અનુભવ પ્રમાણપત્રોની સત્યતાની ઝીણવટભરી તપાસ થાય અને જે સંસ્થાઓમાંથી આ સર્ટિફિકેટ મેળવ્યા છે તેમની પાસેથી લેખિત ખરાઈ કરવામાં આવે.

2. આ સમગ્ર કૌભાંડની તપાસ સરકારના સામાન્ય અધિકારીઓ પાસે કરાવવાના બદલે, આ પ્રોજેક્ટ કે IKDRC સાથે ક્યારેય સંકળાયેલા ન હોય તેવા કોઈ નિષ્પક્ષ અને વરિષ્ઠ સિનિયર નેફ્રોલોજિસ્ટની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય ન્યાયિક તપાસ સમિતિ બનાવીને કસૂરવાર અધિકારીઓ (નરેશ પટેલ, જે.સી. પટેલ અને ડૉ. ઉષા પટેલ) વિરુદ્ધ આડેધડ ફોજદારી પગલાં લેવામાં આવે!

જો આગામી સમયમાં આ ભ્રષ્ટ અધિકારીઓ સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો 'પાક્કો ગુજરાત' આ મામલે હાઈકોર્ટના દરવાજા ખટખટાવતા પણ અચકાશે નહીં!

# ભાદરવાની આકરી ગરમી, ભૂજ-ડીસા 38.6°C સાથે સૌથી ગરમ : ગુજરાતમાંથી ચોમાસુ 24 કલાકમાં વિદાય લે તેવી શક્યતા

ગાંધીનગર

છેલ્લા 24 કલાકમાં સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારોને બાદ કરતા બાકીના ગુજરાત પ્રદેશ અને કચ્છમાં હવામાન મુખ્યત્વે સૂકું રહ્યું. વરસાદની ગેરહાજરીમાં ભાદરવાનો તાપ લોકોને અકળાવી રહ્યો છે. બે દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. શુક્રવારે ભૂજ અને ડીસા 38.6C સાથે સૌથી ગરમ રહ્યાં. બીજી તરફ, દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વાપસીની રેખા રાજ્યના ડીસા અને નલિયા પરથી પસાર થઈ રહી છે. આગામી 24 કલાકમાં ચોમાસું ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાંથી વિદાય લે તેવી સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસ દીવ, દમણ અને દાદરા નાગર હવેલી સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. આ સમયગાળામાં કોઈ ભારે વરસાદની શક્યતા નથી. રાજ્યમાં આ ચોમાસાની સિઝનમાં અત્યારસુધી સરેરાશ 11 ટકા વરસાદની ઘટ નોંધાઈ છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં 24 ટકા વરસાદની ઘટ નોંધાઈ છે. ચોમાસાની વિદાયની પ્રક્રિયા આગળ વધતાં હવે વરસાદની શક્યતાઓમાં ઘટાડો જોવા મળી રહ્યો છે અને હવામાન ધીમે ધીમે સૂકું બનવાની દિશામાં છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા મુજબ, હાલમાં અલ-નીનોની સ્ટ્રોંગ સિસ્ટમ સક્રિય છે, તેની અસર વર્ષના અંત સુધી જોવા મળી શકે છે. અલ-નીનોની અસરને કારણે ઓક્ટોબર મહિનામાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા વ્યક્ત છે.

# પોષણ અને સ્વચ્છતા ક્ષેત્રે બાળકોનું સન્માન: CM અને અમદાવાદ મેયરના હસ્તે શ્રદ્ધા અને ખેવનાને પુરસ્કૃત કરાયા

અમદાવાદ

સરકાર દ્વારા ચાલી રહેલી પોષણયુક્ત યોજનાના સફળ અમલીકરણના પરિણામે બાળકોના આરોગ્ય અને પોષણ સ્તરમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. આ જ શ્રેણીમાં, જે બાળકોના પોષણ સ્તરમાં સુધારો થયો છે અને જેઓ આંગણવાડી કેન્દ્રમાં નિયમિત હાજર રહે છે, તેવા બાળકોનું મંચ પરથી વિશેષ સન્માન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં શ્રદ્ધા વઢીયારી નામની બાળકીનું ખાસ બહુમાન કરાયું હતું. શ્રદ્ધા પહેલા MAM એટલે કે મોડરેટ એક્યુટ માલન્યુટ્રિશ્ડ (મધ્યમ તીવ્ર કુપોષિત) શ્રેણીમાં આવતી હતી અને તેનું વજન ઓછું હતું. જોકે, સરકારની પોષણયુક્ત યોજના અંતર્ગત આપેલો પૌષ્ટિક આહાર લેવાથી તેના પોષણ સ્તરમાં સુધારો થયો છે અને વજનમાં વધારો નોંધાયો છે.

આ ઉપરાંત, આંગણવાડી કેન્દ્રમાં દૈનિક ધોરણે સ્વચ્છતા જાળવીને નિયમિતપણે હાજર રહેતી બાળકી ખેવના કાલાવાડિયાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ રેગ્યુલર અને તંદુરસ્ત બાળકી ખેવના કાલાવાડિયાને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી અને અમદાવાદ શહેરના માનનીય મેયરના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવી હતી.

# રાજકોટમાં મોડેલની દુષ્કર્મની ફરિયાદ બાદ વડોદરામાં યુવકનો આપઘાતનો પ્રયાસ: પત્નીનો આક્ષેપ, 'મારા પતિને ફસાવવામાં આવ્યા'

રાજકોટ

રાજકોટમાં રહેતી અને મોડેલિંગ કરતી 36 વર્ષીય યુવતીએ 25 સપ્ટેમ્બરે વડોદરાના યુવક સામે દુષ્કર્મની ફરિયાદ કરી હતી. જોકે ફરિયાદ પહેલા જ આરોપી પાર્થે 19 સપ્ટેમ્બરે દવાઓનો ઓવરડોઝ લઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

દુષ્કર્મની ફરિયાદ બાદ પાર્થની પત્નીએ વડોદરાના જેપી રોડ પોલીસ સ્ટેશનમાં મોડેલ યુવતી સામે પતિને આપઘાત માટે દુષ્પ્રેરણા આપવાની અરજી આપી. જોકે તેની ફરિયાદ પોલીસે દાખલ ન કરતા સમગ્ર વિવાદ સામે આવ્યો છે. હવે પાર્થનો પરિવાર યુવતી સામે દુષ્પ્રેરણાની પોલીસ ફરિયાદ લેવાની માંગ કરી રહ્યો છે.

આપઘાતનો પ્રયાસ કરનાર પાર્થે જણાવ્યું હતું કે, એ યુવતીને નવેમ્બર 2025થી ઓળખું છું. હું શાકભાજીની દલાલીનું કામ કરતો હતો, ત્યારે એ બહેન સાથે મુલાકાત થઈ હતી. એ બહેન મને છેલ્લા 6-7 મહિનાથી બ્લૅકમેઈલ કરે છે.

પોલીસ જ્યારે દવાખાનામાં મારૂં સ્ટેટમેન્ટ લેવા આવી ત્યારે હું ભાનમાં નહોતો. છતાં મારું સ્ટેટમેન્ટ લઈ ગયા હતા. મારે ફરી સ્ટેટમેન્ટ આપવું છે. મેં ક્યારેય કોઈ સ્ત્રી સામે ખરાબ નજરે જોયું નથી અને મારા પર ખોટો આરોપ લગાવવામાં આવ્યો છે. મેં મારી પત્નીને પણ આ વિશે જાણ કરી હતી અને તે પોલીસ સ્ટેશન ગઈ હતી, પરંતુ FIR લીધી નહોતી.

# ભુજમાં આવાસ યોજનાના હપ્તા માટે ₹4 હજારની લાંચ લેતાં 2 કર્મચારી ઝડપાયા: ACBએ ગોઠવી ટ્રેપ

ભુજ

ભુજમાં સરકારી આવાસ યોજનાની સહાય મેળવવા માટે લાંચની માંગણી કરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ભુજ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા હાથ ધરાયેલા ટ્રેપમાં સમાજ કલ્યાણ અધિકારીની કચેરીમાં કરાર આધારિત ફરજ બજાવતા બે સમાજ કલ્યાણ નિરીક્ષકોને 4 હજારની લાંચની રકમ સ્વીકારતા ઝડપી પાડવામાં આવ્યા છે. 3 ઓક્ટોબર, 2026ના રોજ બહુમાળી ભવન, ભુજ ખાતે આ કાર્યવાહી કરવામાં આવી હતી. ACBના જણાવ્યા મુજબ, આ કેસમાં એક જાગૃત નાગરિકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના મકાનને પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મંજૂરી મળેલી હતી. યોજનાની મકાન સહાયના વિવિધ હપ્તા જમા કરાવી આપવાના બદલામાં સંબંધિત કચેરીના બે કર્મચારીઓ દ્વારા ફરિયાદી પાસેથી કુલ 4 હજારની લાંચની માંગણી કરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ હતો.

લાંચની રકમ આપવાની ઈચ્છા ન ધરાવતા ફરિયાદીએ સમગ્ર મામલે ભુજ ACBનો સંપર્ક કર્યો હતો.

# દહેગામમાં ઘી બનાવતી ફેક્ટરી પર જનતા રેડ : ગાંધી જયંતિના દિવસે કળદરાની જોગી જલિયાણ ડેરીમાં દરોડો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કળદરા ખાતે મોટા પાયે શંકાસ્પદ ભેળસેળયુક્ત ઘી બનાવાતું હોવાની બાતમીના આધારે જનતા રેડ કરવામાં આવી હતી. શ્રીહરિ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલી 'જોગી જલિયાણ ડેરી' ખાતે યુવરાજસિંહ જાડેજા સહિતની ટીમ પહોંચી હતી. સ્થળ પર શંકાસ્પદ સ્થિતિ જણાતા ગાંધીનગર FDCA તથા FSSAI સહિતના તંત્રને જાણ કરવામાં આવી હતી. માહિતીના આધારે ગાંધીનગર ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનની ટીમ સ્થળ પર પહોંચી હતી. તપાસ દરમિયાન એકમમાંથી શંકાસ્પદ ઘી, પામોલીન




તેલ, મટીરિયલ સહિતનો જથ્થો મળી આવ્યો હતો. અધિકારીઓએ શંકાસ્પદ સ્ટોકને સીઝ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. સાથે જ કાયદેસરની પ્રક્રિયા મુજબ વિવિધ સામગ્રીના સીલબંધ સેમ્પલ લઈ લેબોરેટરી તપાસ માટે મોકલવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલે સ્થાનિક તંત્ર દ્વારા પંચનામા સહિતની કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે. જ્યારે સમગ્ર મામલામાં સંડોવાયેલી મુખ્ય કંપની અંગે વધુ તપાસ કરવા માટે સેન્ટ્રલ FSSAIની ટીમની રાહ જોવાઈ રહી છે. લેબોરેટરીમાં સેમ્પલના પૃથ્થકરણ બાદ ઘી અને અન્ય સામગ્રીમાં કયા ઘટકોનો ઉપયોગ થયો હતો અને તે ખાદ્ય સુરક્ષાના નિયમો મુજબ છે કે નહીં, તે સ્પષ્ટ થશે. યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, "ગાંધી જયંતિ અને શાસ્ત્રીજીની જયંતિના પવિત્ર દિવસે આ ઘટના સામે આવવી અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. દેશને વિદેશી ગુલામીમાંથી આઝાદી મળ્યાને દાયકાઓ વીતી ગયા, પરંતુ આવા ભેળસેળિયા અને ઝેર પીરસતા માફિયાઓ પાસેથી જનતાને આઝાદી ક્યારે મળશે?" તેમણે વધુમાં કહ્યું કે શાસ્ત્રીજીએ ખેડૂત અને પશુપાલકના પરસેવાને સન્માન આપ્યું હતું, જ્યારે આવા તત્વો માત્ર નફાખોરી માટે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. જનઆરોગ્ય સાથે રમત કરનાર કોઈપણ તત્વો સામે કાયદાકીય લડત ચાલુ રાખવાની પણ તેમણે વાત કરી હતી. હાલ FDCA દ્વારા જપ્ત કરાયેલા શંકાસ્પદ જથ્થાના સેમ્પલની તપાસ બાદ જ તેમાં ખરેખર ભેળસેળ કે કેમિકલનો ઉપયોગ થયો છે કે નહીં તે અંગે સ્પષ્ટતા થશે.

# ભાડા વિધેયકના વિરોધમાં 5 ઓક્ટોબરથી રાજ્યભરના વકીલો હડતાળ પર ઉતરશે : બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનો ઠરાવ

ગાંધીનગર

ભાડા વિધેયકના વિરોધમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સમગ્ર રાજ્યના વકીલોને આગામી 5 ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવા આહવાન કરવામાં આવ્યું છે.

આ વિધેયક સામે વિરોધ દર્શાવવા માટે રાજ્યના વકીલો દ્વારા તમામ કોર્ટ કેમ્પસની બહાર પ્રદર્શન અને દેખાવો યોજવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

આ કાયદા સંદર્ભે સરકારને તુરંત યોગ્ય કાર્યવાહી કરવા અને સરકાર આ એક્ટ સંદર્ભે જ્યુડિશિયરીને સત્તા આપે તેવી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા માંગ કરવામાં આવી છે.

તાજેતરમાં લવાયેલા 'ગુજરાત ભાડા વિધેયક-2026'ના વિરોધમાં રાજ્યભરના વકીલો ઉતર્યા છે.

આ નવા કાયદા હેઠળ જ્યુડિશિયલ ઓથોરિટીની સત્તાઓ આંચકીને એક્ઝિક્યુટિવ ઓથોરિટીને સોંપી દેવાતા ન્યાયિક પ્રણાલી પર મોટો પ્રહાર થયો હોવાનો વકીલોનો દાવો છે. વડોદરા અને સુરતમાં વકીલોએ કોર્ટના ગેટ બહાર જ ઊભા રહીને વિરોધની સાથે કામ અર્થે આવતા લોકોને બહારથી જ પરત મોકલી દીધા હતાં

### શંકરસિંહ વાઘેલાના વિવાદાસ્પદ નિવેદનથી ગુજરાતના રાજકારણમાં દાવાનળ

# બ્રહ્મ સમાજનો પલટવાર–'તમારા ઘરનું મેલું ઉપાડો, 5 લાખ આપવા તૈયાર છીએ!'

અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં ક્યારે કયો દિગ્ગજ નેતા કેવું નિવેદન આપી દે અને આખું રાજ્ય આગની ભઠ્ઠીમાં હોમાઈ જાય, તે કહી શકાતું નથી. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ રાજકારણી શંકરસિંહ વાઘેલા (બાપુ) દ્વારા એક સભામાં કરવામાં આવેલા અત્યંત વિવાદાસ્પદ અને જાતિગત નિવેદનને લઈને હાલ ગુજરાતના સામાજિક અને રાજકીય આકાશમાં ભૂકંપ સર્જાયો છે. આદિવાસી અનામત અને સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં પટેલ, વાણિયા અને બ્રાહ્મણ સમાજને લક્ષ્ય બનાવીને 'મેલું ઉપાડવાની નોકરી અને ૫૦ હજારના પગાર' અંગે આપવામાં આવેલું આડેધડ નિવેદન બાપુને ભારે પડી રહ્યું છે.

આ બેજવાબદાર નિવેદનના વિરોધમાં હવે બ્રહ્મ સમાજના આગેવાનો મેદાને આવી ગયા છે અને તેમણે શંકરસિંહ વાઘેલા સામે મોરો ખોલી દીધો છે.

શંકરસિંહ વાઘેલાએ એક સાર્વજનિક મંચ પરથી આદિવાસી અનામત અને વિવિધ જ્ઞાતિઓ અંગે ચર્ચા કરતી વખતે એવા પ્રકારની ટિપ્પણી કરી હતી કે, જો વાત આવે તો બ્રાહ્મણ, વાણિયા અને પટેલ જેવા ઉચ્ચ ગણાતા સમાજના યુવાનોએ પણ મેલું ઉપાડવાની નોકરી સ્વીકારી લેવી જોઈએ અને તેના બદલામાં ૫૦ હજાર રૂપિયાનો પગાર લેવો જોઈએ!

આ નિવેદન બહાર આવતાની સાથે જ સોશિયલ મીડિયાથી લઈને રાજકીય ગલિયારા સુધી ગુસ્સાનું મોજું ફરી વળ્યું હતું. કોઈપણ સમાજની પરંપરા, શ્રમ કે પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડતી આ પ્રકારની ભાષા એક પીઢ નેતાને શોભતી નથી તેવી પ્રતિક્રિયાઓ ચારે બાજુથી ઉઠી રહી છે. આ નિવેદન સામે બ્રહ્મ સમાજના કન્વીનર યજ્ઞેશ દવે દ્વારા અત્યંત કડક, સચોટ અને વળતો પ્રહાર કરવામાં આવ્યો છે. યજ્ઞેશ દવેએ શંકરસિંહ વાઘેલાને સીધો અને પડકારજનક જવાબ આપતા કહ્યું છે કે, 'જો શંકરસિંહ વાઘેલા પોતાના ઘરમાંથી મેલું ઉપાડે, તો બ્રહ્મ સમાજ તેમને દર મહિને ૫૦ હજાર નહીં, પણ પૂરા ૫ લાખ રૂપિયા આપવા તૈયાર છે!' આ એક જ વાક્યએ ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. યજ્ઞેશ દવેએ વધુમાં જણાવ્યું કે રાજકીય રોટલા શેકવા માટે અગાઉના નેતાઓ હવે કોઈપણ સ્તરે જઈને સમાજો વચ્ચે ઝેર ફેલાવવાનું કામ કરી રહ્યા છે, જે સાંખી શકાય નહીં. કોઈ એક ચોક્કસ સમાજને નિશાન બનાવીને અપમાનજનક ટિપ્પણી કરવી એ ક્યાંયથી પણ યોગ્ય નથી. બાપુએ પોતાના આ નિવેદન બદલ જાહેરમાં માફી માંગવી જ પડશે.

### પિતાની પવિત્રતાને કલંકિત કરતો હેવાન!

# પોરબંદરના ઓડદર ગામે સગી દીકરી પર સગા બાપનો જ અત્યાચાર

## ભાઈને મારી નાખવાની ધમકી આપી વર્ષો સુધી આચર્યું દુષ્કર્મ! : માનવતાને શરમમાં નાખતી ડાઘદાર ઘટના: આરોપી રમેશ છેલાણાની કરતૂતોથી મેર સમાજ અને સમગ્ર પંથકમાં રોષની આગ; રાજકીય આડશ અને વરવા કાળા કારોબારોની પોલ ખુલ્લી!

પોરબંદર

સંબંધોના પવિત્ર તાંતણાને તાર-તાર કરી દેતી અને કાળજું કંપી જાય તેવી એક અત્યંત શરમજનક અને ધૃણાસ્પદ ઘટના પોરબંદર પંથકમાંથી સામે આવી છે. પિતા અને પુત્રીના પવિત્ર સંબંધોને લાંછન લગાડતો એક હેવાન સગા બાપે જ પોતાની ફૂલ જેવી દીકરીની જિંદગી બરબાદ કરી નાખી હોવાનો ઘટસ્ફોટ થયો છે. પોરબંદર તાલુકાના ઓડદર ગામના વતની એવા રમેશ છેલાણા નામના લુખ્ખા અને પાપી તત્વે હદ વટાવતા પોતાની જ સગી દીકરીને ડરાવી-ધમકાવીને વર્ષો સુધી પીંખી નાખી હોવાની અત્યંત વિસ્ફોટક વિગતો બહાર આવી છે. આ ઘાતક અહેવાલે સમગ્ર મેર સમાજ અને આખા ગુજરાતને હચમચાવી મૂક્યું છે!

પ્રાપ્ત વિગતો અનુસાર, ઓડદર ગામના આ નરાધમ બાપ રમેશ છેલાણાએ પોતાના જ રની મર્યાદા અને પિતા-પુત્રીના પવિત્ર નાતાને લાંછન લગાડ્યું છે. આરોપી પિતા પોતાની જ સગી દીકરી ઉપર અમાનુષી અત્યાચાર ગુજારતો હતો. બિચારી માસૂમ દીકરી ભયના સાયા હેઠળ જીવી રહી હતી કારણ કે આ હેવાન પિતાએ તેને સ્પષ્ટ ધમકી આપી હતી કે જો તેણે આ વાત કોઈને કહી, તો તે તેના સગા ભાઈને મોતને ઘાટ ઉતારી દેશે! ભાઈના બચાવવા માટે આ દીકરી વર્ષો સુધી મૂંગા મોઢે અત્યાચાર સહન કરતી રહી અને આ પાપી પિતા તેની દીકરીની જિંદગી સાથે રમતો રહ્યો. સગા બાપે જ દીકરીની ઈજ્જત લૂંટીને તેને શારીરિક અને માનસિક રીતે પાયમાલ કરી નાખી છે. આ મામલે સ્થાનિક સ્તરેથી એવા ગંભીર આક્ષેપો પણ ઉઠી રહ્યા છે કે આરોપી રમેશ છેલાણા પોતે મોટા રાજકીય નેતાઓ અને ખાસ કરીને 'વનમંત્રી' તથા સ્થાનિક પ્રભાવશાળી રાજકારણીઓની નિકટ હોવાનો દંભ પોટલા બાંધીને રોફ મારતો ફરે છે. સત્તા અને રાજકીય વગની શેહમાં આ લુખ્ખો તત્ત્વ કાયદો અને વ્યવસ્થાને પોતાની ખિસ્સાની ચીજ સમજતો હતો. પોતાના પ્રભાવ અને ધાક-ધમકીના જોરે તે ખુલ્લેઆમ ગુનાહિત કાર્યો આચરતો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. શું રાજકીય આશ્રય મેળવનારા આવા હેવાનો સમાજમાં ખુલ્લા ફરશે? શું દીકરીઓની આબરૂ સાથે રમતા આવા પાપીઓને કોઈ જ કાયદો નડે નહીં?

# ફૂડ માફિયાઓ સામે આર-પારની જંગ : સામાન્ય જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યા છે ભેળસેળિયાઓ

## શું સરકાર અને મોટા ઉધોગપતિઓની મિલીભગતથી દેશમાં ફેલાઈ રહ્યો છે કેન્સર જેવો મરકી રોગ? : ઝીરો ટોલરન્સની માગ: બાળકોના ભવિષ્યને બચાવવા માટે હવે દેશને જોઈએ એક અત્યંત કડક અને ધારદાર 'ફૂડ સેફ્ટી કાયદો'!

ગાંધીનગર

ભારતના સામાન્ય નાગરિકોની થાળીમાં પીરસવામાં આવતું ભોજન હવે પોષણ નહીં, પરંતુ ધીમા ઝેર સમાન બની ગયું છે. દેશના ખૂણે-ખૂણેથી ફૂડ માફિયાઓ અને ભેળસેળિયાઓનું એવું ખતરનાક નેટવર્ક સામે આવી રહ્યું છે, જે માત્ર થોડા રૂપિયાના નફા ખાતર દેશવાસીઓની જિંદગી અને આવનારી પેઢીઓના ભવિષ્યને દાવ પર લગાવી રહ્યું છે. શું દેશનો સામાન્ય નાગરિક હવે શુદ્ધ ભોજન ખાવાનો પણ અધિકાર ખોઈ બેઠો છે? શું સરકાર અને આ ભ્રષ્ટ ફૂડ માફિયાઓ વચ્ચેની કોઈ ઊંડી સાંઠગાંઠના કારણે જ આજે દેશમાં કેન્સર જેવી ભયાનક બિમારીઓ મહામારીનું રૂપ લેતી જઈ રહી છે? આ સવાલ આજે દરેક એવા ભારતીયના મનમાં ગુંજી રહ્યો છે, જે પોતાના પરિવાર અને બાળકોની સલામતીને લઈને ચિંતિત છે.

આજે સ્થિતિ એ થઈ ગઈ છે કે દૂધથી લઈને મસાલા, તેલ, દવાઓ અને રોજબરોજ ઉપયોગમાં લેવાતી દરેક ખાદ્ય સામગ્રીમાં બેધડક કેમિકલ અને ઝેર ભેળવવામાં આવી રહ્યું છે. સવાલ એ થાય છે કે આખરે આ ભેળસેળિયાઓના હોંસલા આટલા બુલંદ કેમ છે? કેમ તંત્ર અને સરકાર આ ફૂડ માફિયાઓ સામે કોઈ એવું નિર્ણાયક અને ડર પેદા કરે તેવું પગલું નથી ભરતી, જેનાથી તેમના મનમાં કાયદાનો ડર પેદા થાય?

ક્યાંક ને ક્યાંક આ સમગ્ર તંત્રમાંથી ભ્રષ્ટાચારની તીવ્ર દુર્ગંધ આવી રહી છે. શું એવું માની લેવું જોઈએ કે દેશના કેટલાક તાકાતવર ઉધોગપતિઓ અને નીતિ-ઘડૈયાઓની મિલીભગતને કારણે જ સામાન્ય જનતાના સ્વાસ્થ્ય સાથે આ ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે? જ્યાં સુધી સિસ્ટમની નસોમાં બેઠેલા આ ભ્રષ્ટ તંત્ર પર કડક પ્રહાર નહીં કરવામાં આવે, ત્યાં સુધી દેશની જનતા આ જ રીતે તિલ-તિલ મરવા માટે મજબૂર થતી રહેશે.

આજે દેશની હોસ્પિટલોમાં કેન્સર વોર્ડની વધતી ભીડ આ વાતની ચીસ પાડીને સાક્ષી આપી રહી છે કે આપણા ખાનપાનમાં ઝેર ભળી ચૂક્યું છે. દૂષિત અને ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોના સેવનથી યુવાનો અને બાળકોમાં ગંભીર બિમારીઓ ઘર કરી રહી છે. આટલું છતાં, જવાબદાર વિભાગોની ઊંઘ કેમ નથી ઉઘડતી? કાગળ પરની કાર્યવાહી અને માત્ર નોટિસો ફટકારવાના નાટક હવે બંધ થવા જોઈએ. દેશની જનતા હવે વધુ આશ્વાસનોના ભરોસે બેસવા તૈયાર નથી.

આ સમય માત્ર મૂકદર્શક બનીને તમાશો જોવાનો નથી, પરંતુ પોતાની અને પોતાના બાળકોની નસ્લોને બચાવવા માટે એક મહાસંગ્રામ છેડવાનો છે. ફૂડ માફિયાઓના આ નાપાક સામ્રાજ્યને નેસ્તનાબૂદ કરવા માટે દેશમાં એક અત્યંત કડક અને વિશેષ 'ફૂડ ટેરરિઝમ' કાયદો બનવો જોઈએ, જેના હેઠળ ભેળસેળિયાઓને સીધી આજીવન કેદ અથવા ફાંસીની સજાની જોગવાઈ હોવી જોઈએ.

'પાક્કો ગુજરાત' સ્પષ્ટપણે સવાલ પૂછે છે કે શું દેશની સરકારો સામાન્ય જનતાના જીવ કરતા પોતાના રાજકીય હિતો અને ઉદ્યોગપતિઓના નફાને વધુ મહત્ત્વ આપે છે?

# નામ બદલીને આખી જિંદગી બરબાદ કરનાર નરાધમ ઝડપાયો

## 'સમીર ઉસ્માનમિયાં' બનીને હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવનાર વડોદરાના જમીન દલાલ સુનિલ મહીડાની ક્રૂર કરતૂતોનો પર્દાફાશ

વડોદરા

ગુજરાતના સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી, હ્રદયદ્રાવક અને મનને બહેરાવી દે તેવી ઘટના સામે આવી છે. પોતાની ઓળખ છુપાવીને, ખોટું નામ ધારણ કરીને એક નિર્દોષ યુવતીના જીવન સાથે ખેલ કરનાર એક નરાધમ જમીન દલાલની કરતૂતો હવે કાયદાના શંકાજામાં આવી ગઈ છે. 'સમીર ઉસ્માનમિયાં' જેવું ખોટું નામ ધારણ કરીને સગીરા કે યુવતીઓને ફસાવતા આ શખ્સનો અસલી ચહેરો સામે આવતા સમગ્ર રાજ્યમાં હાહાકાર મચી ગયો છે. પ્રેમ અને વિશ્વાસની આડમાં આચરેલા આ ઘાતક પાપના કારણે પીડિતાનું જીવન નરક સમાન બની ગયું હતું.

વડોદરામાં જમીન દલાલીનું કામ કરતા સુનિલ મહીડા નામના શખ્સે એક યુવતીને પોતાના પ્રેમજાળમાં ફસાવવા માટે એક મોટું અને યોજનાબદ્ધ કાવતરું રચ્યું હતું. તેણે પોતાનું અસલી નામ છુપાવીને યુવતી સમક્ષ પોતાનું નામ 'સમીર ઉસ્માનમિયાં' હોવાનું જણાવ્યું હતું. પોતાની ઓળખ ખોટી આપીને તેણે યુવતીનો વિશ્વાસ જીતી લીધો હતો અને ત્યારબાદ તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. પરંતુ આ સંબંધો પાછળ નરાધમનો ઈરાદો માત્ર ભોગવવાનો હતો. રિલેશનશિપ દરમિયાન પીડિતાને બે વખત ગર્ભ રહી ગયો હતો. જ્યારે પણ આ વાત સામે આવતી, ત્યારે આ હવસખોર જમીન દલાલ યુવતીને ભળતા વચનો આપીને ફોસલાવતો અને ત્યારબાદ જબરદસ્તીથી અને ધાકધમકી આપીને દવાઓ કે ઓપરેશન દ્વારા ગર્ભપાત (અબોર્શન) કરાવતો હતો.

# ડભોઇ ટાઉનહોલના નિર્માણમાં કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી: જગન્નાથ પાર્કમાં ગંદા પાણીની રેલમછેલથી રોગચાળાની ભીતિ

## સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ પર ચાલી રહેલા ટાઉનહોલ પ્રોજેક્ટના પાપે સ્થાનિકો નરકાગાર જેવી જિંદગી જીવવા મજબૂર

ડભોઇ

ડભોઈ ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ પર નિર્માણાધીન ટાઉનહોલની કામગીરી સ્થાનિક રહીશો માટે આશીર્વાદને બદલે મોટો માથાનો દુખાવો સાબિત થઈ રહી છે. નગરપાલિકાના આ મહત્વના પ્રોજેક્ટમાં કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી અને વહીવટી ઉદાસીનતાના કારણે બાજુમાં આવેલી જગન્નાથ પાર્ક સોસાયટીના રહીશોમાં ભારે રોષ અને આક્રોશ ફેલાયો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, ટાઉનહોલની નવી બનેલી કમ્પાઉન્ડ વોલમાંથી ડ્રેનેજ લાઈનનું ગંદુ અને દૂષિત પાણી સીધું જગન્નાથ પાર્કના કોમન પ્લોટ તરફ વાળી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત, સરકારી જગ્યા પર આડેધડ વસવાટ કરી રહેલા નિર્માણ કાર્યના મજૂરોના નહાવા-ધોવાનું તથા અન્ય વપરાશનું ગંદુ પાણી પણ સોસાયટીના આ ખુલ્લા પ્લોટમાં જ ઠલવાઈ રહ્યું છે. જે કોમન પ્લોટમાં સોસાયટીના નાના બાળકો રમે છે અને જેની આસપાસ લોકોના ઘરો આવેલા છે, ત્યાં સતત પાણી ભરાઈ રહેવાને કારણે કાદવ-કિચડ અને મચ્છરોનો ભારે ઉપદ્રવ સર્જાયો છે. આ ભયાનક ગંદકીના સામ્રાજ્ય વચ્ચે રહીશો જીવના જોખમે જીવી રહ્યા છે. પરિણામે બાળકો અને વડીલોમાં બીમારીનું પ્રમાણ દિવસે-દિવસે વધી રહ્યું છે અને ગંભીર રોગચાળો ફાટી નીકળવાની પૂરી ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ પ્રશ્ન કોઈ નવો નથી પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી આ મુશ્કેલી વણઉકેલાયેલી છે. અગાઉ અનેકવાર જવાબદાર તંત્ર અને નગરપાલિકા સમક્ષ રજૂઆતો કરવા છતાં કોઈ જ કાયમી નિકાલ કે સંતોષકારક પગલાં લેવામાં આવ્યા નથી. ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા પોતાના મજૂરો માટે ગટર અને વસવાટની યોગ્ય વ્યવસ્થા કરવાના બદલે સરકારી જગ્યા પર અડિંગો જમાવી બેફામ ગંદકી ફેલાવવામાં આવી રહી છે. જગન્નાથ પાર્ક સોસાયટીના રહીશોએ હવે આરપારની લડાઈના મિજાજ સાથે યુદ્ધના ધોરણે આ ગંદા પાણીનો નિકાલ કાયમ માટે બંધ કરવાની માંગ કરી છે. રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે, તો તેઓ આરોગ્ય વિભાગ અને ઉચ્ચ કક્ષાએ લેખિત ફરિયાદો કરી ઉગ્ર આંદોલન અને વિરોધ પ્રદર્શન કરવા મજબૂર બનશે. હવે જોવું એ રહ્યું કે વહીવટી તંત્ર ક્યારે જાગે છે અને આ બેદરકાર કોન્ટ્રાક્ટર સામે શું કડક કાર્યવાહી કરે છે.

### પાક્કો ગુજરાત ન્યૂઝ અહેવાલની જબરદસ્ત અસર

# ડભોઇ શિનોર ચોકડી પર સ્પીડ બ્રેકર અને રેડિયમ પટ્ટા લગાવાયા, તંત્ર આખરે જાગ્યું!!

ડભોઇ

ડભોઈ અને આસપાસના પંથકમાં ચકચાર જગાવતા અહેવાલો મુજબ, ડભોઈ-શિનોર ચોકડી પર સતત સર્જાતા જીવલેણ અકસ્માતો અને વાહનચાલકોના જોખમી પ્રશ્ને 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર દ્વારા સતત અને ધારદાર અહેવાલો પ્રસિદ્ધ કરી તંત્રની આંખ ઉઘાડવામાં આવી હતી. અખબારના આ અહેવાલોની ગંભીરતાને ધ્યાને લઈને આખરે માર્ગ અને મકાન (સ્ટેટ હાઈવે) વિભાગ સફાળું જાગ્યું છે અને તાત્કાલિક ધોરણે સલામતીના પગલાં લેવાની ફરજ પડી છે. ડભોઈ શિનોર ચોકડી એ અત્યંત વ્યસ્ત અને મહત્વનો જંક્શન માર્ગ છે. અહીંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, રાજપીપળા તેમજ પવિત્ર યાત્રાધામ ચાંદોદ અને કરનાળી તરફ જતા અસંખ્ય વાહનોની દિવસ-રાત ભારે અવરજવર રહે છે. આ મુખ્ય ચોકડી પર યોગ્ય



સુરક્ષા વ્યવસ્થા કે સ્પીડ બ્રેકરના અભાવે અવારનવાર નાના-મોટા ગંભીર અકસ્માતો સર્જાતા હતા, જેમાં કેટલાય નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા અને વાહનચાલકો તથા રાહદારીઓનો જીવ સતત તાળવે ચોંટેલો રહેતો હતો. સ્થાનિક લોકો અને આગેવાનો દ્વારા અગાઉ અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું તંત્ર કોઈ નક્કર કાર્યવાહી કરતું નહોતું અને સમસ્યા હંમેશાં ઠેરની ઠેર રહેતી હતી. આ ગંભીર સ્થિતિને પારખીને 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરે વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવતો વિસ્તૃત અને ઘાતક અહેવાલ પ્રસારિત કર્યો હતો. આ અહેવાલના પ્રકાશન બાદ વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો હતો અને સ્ટેટ હાઈવે વિભાગના અધિકારીઓ ત્વરિત હરકતમાં આવી સીધા જ સ્થળ પર દોડી આવ્યા હતા. અહેવાલની સચોટ અસરરૂપે, ચોકડી તરફ અનિયંત્રિત ગતિએ દોડતા વાહનોને રોકવા માટે તાત્કાલિક ધોરણે સ્પીડ બ્રેકર (બમ્પર) બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત, રાત્રિના અંધારામાં પણ વાહનચાલકોને ચોકડી અને બ્રેકરનો સ્પષ્ટ અંદાજ આવી શકે તે માટે રોડ પર લાલ અને સફેદ રંગના સ્પષ્ટ રેડિયમ પટ્ટા (સ્ટ્રીપ્સ) દોરી દેવામાં આવ્યા છે.

### પ્રાંતિજમાં ખાખી અને કાયદા સામે લુખ્ખાગીરી કરનારા બે શખ્સો જેફરે ચડ્યા!

# દબાણ હટાવવા ગયેલા ચીફ ઓફિસરને ચપ્પુ બતાવીને જાનથી મારી નાખવાની ધમકી

પ્રાંતિજ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સીધા સવાલો ઊભા કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે નગરપાલિકા તંત્ર દ્વારા સઘન દબાણ હટાવ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ કામગીરી દરમિયાન ફરજ પર રહેલા પાલિકાના ચીફ ઓફિસરને કેટલાક અસામાજિક તત્વોએ જાહેરમાં ચપ્પુ બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર પંથકમાં ભારે રોષ અને ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રાંતિજ નગરપાલિકા દ્વારા છેલ્લા ચાર દિવસથી શહેરમાં રસ્તા પરના ગેરકાયદેસર લારી-ગલ્લા અને અન્ય દબાણો દૂર કરવાની ઝુંબેશ ચાલી રહી છે. ગત ૨૮ સપ્ટેમ્બરના રોજ એપ્રોચ રોડ પર આવેલા ભાંખરિયા વિસ્તારમાં પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે પાલિકાની ટીમ દબાણો હટાવવાની કામગીરી કરી રહી હતી.

આ દરમિયાન બે ઉદ્ધત શખ્સોએ અચાનક ઉશ્કેરાઈ જઈને સરકારી કામગીરીમાં અડચણ ઊભી કરવાનો પ્રયાસ કર્યો હતો. આટલેથી ન અટકતા આ લુખ્ખા તત્વોએ હદ વટાવી દીધી અને પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરેન સોલંકી સાથે ગેરવર્તણૂક કરી, અપશબ્દો બોલી અને સીધા ચપ્પુ બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સરકારી અધિકારી પર આ પ્રકારે હથિયાર સાથે હુમલાનો પ્રયાસ થતા સ્થળ પર હાજર અધિકારીઓ અને કર્મચારીઓમાં પણ દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ચીફ ઓફિસર હિરેન સોલંકી દ્વારા તુરંત જ પ્રાંતિજ પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે મામલાની ગંભીરતા સમજીને ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી અને સરકારી ફરજમાં રૂબરૂ અડધણ ઊભી કરવી, અપશબ્દો બોલવા તથા જીવલેણ હુમલાના પ્રયાસ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધીને બંને આરોપીઓને ઝડપી પાડી જેફરે ધકેલી દીધા છે.

# ફૂલ વેચતી શ્રમજીવી મહિલાના ઘરની લાખોની ચોરીનો ભેદ ઉકેલાયો, 11 તોલા સોનું-રોકડ રિકવર

કીમ

કીમ ગામમાં વર્ષોથી ફૂલ વેચી ગુજરાન ચલાવતા અલકાબેન માળીના ઘરમાં થયેલી લાખોની ચોરીનો સુરત જિલ્લા પોલીસે ભેદ ઉકેલી કાઢ્યો છે. અલકાબેન સવારે મંદિર ખાતે ફૂલ વેચવા ગયા હતા તે દરમિયાન તસ્કરોએ તેમના ઘરમાં ઘૂસી કબાટ તોડી 11 તોલા સોનું અને રોકડ સહિત જીવનભરની બચત ચોરી લીધી હતી.

ઘટનાની જાણ થતાં કીમ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને ટીમે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસે આરોપીનો પીછો કરતા છેક મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લાના ધરણગાંવ સુધી પહોંચી તેને ઝડપી પાડ્યો હતો. આરોપીના રિમાન્ડ મેળવી સઘન પૂછપરછ કરતાં તેણે ચોરીનો ગુનો કબૂલ્યો હતો. કીમ પોલીસે ચોરી થયેલું 11 તોલા સોનું અને રોકડ રકમ સહિતનો તમામ મુદ્દામાલ સફળતાપૂર્વક રિકવર કર્યો હતો. બાદમાં ડે. સીએમ હર્ષ સંઘવીના હસ્તે અલકાબેનને બોલાવી તેમની મહેનતની કમાણીના તમામ દાગીના સહીસલામત પરત સોંપવામાં આવ્યા હતા. ચોરાયેલા દાગીના અને રોકડ પરત મળતાં અલકાબેનની આંખોમાં આંસુ આવી ગયા હતા.

### ધૂળના ગોટેગોટા અને ખાડાઓથી જનતા ત્રસ્ત!

# સાધલીથી પોરનો રૂ.3.57 કરોડનો માર્ગ અધૂરો: ખાતમુહૂર્તને એક વર્ષ વીતવા છતાં કામગીરી ઠપ્પ

વડોદરા/શિનોર

ગુજરાતમાં વિકાસના મોટા-મોટા બણગા ફૂંકવામાં આવે છે અને કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સના ખાતમુહૂર્તના મોટા પાયે ડામાડોળ એડવર્ટાઈઝમેન્ટ કરાય છે, પરંતુ જમીની હકીકત કેટલી બદસૂરત છે તેની સાક્ષી વડોદરા જિલ્લાના શિનોર પંથકમાંથી સામે આવી છે. વડોદરા જિલ્લાના સાધલીથી પોર સુધીના અતિ મહત્વપૂર્ણ એવા રૂ. ૫૭ કરોડના માર્ગના ખાતમુહૂર્તને પૂરેપૂરું એક વર્ષ વીતી જવા છતાં આજે પણ રસ્તાની કામગીરી અધવચ્ચે જ ઠપ્પ પડેલી છે. તંત્ર અને ઠેકેદારોની મિલીભગત કે બેદરકારીના કારણે પ્રજાના કરોડો રૂપિયા કાગળ પર વહી ગયા છે, જ્યારે હકીકતમાં આ માર્ગ પર ખાડાઓનું સામ્રાજ્ય અને ધૂળના ગોટેગોટા ઉડી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સાધલીથી પોરને જોડતા આ મુખ્ય માર્ગની દયનીય સ્થિતિ સુધારવા અને નાગરિકોને સુવિધા આપવા માટે સરકારે રૂ. ૫૭ કરોડની માતબર રકમ ફાળવી હતી. આ ભવ્ય પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત પણ ઉત્સાહભેર કરી દેવામાં આવ્યું હતું. લોકોને આશા હતી કે હવે તેમના દિવસો બદલાશે અને સુંવાળા રસ્તા પર મુસાફરી કરવા મળશે.

પરંતુ, ખાતમુહૂર્તની તારીખને એક વર્ષ પૂરું થવા આવ્યું હોવા છતાં જમીન પર એક ઈંટ પણ સરખી મૂકવામાં આવી નથી કે કામ આગળ વધ્યું નથી. રોડનું કામ અધવચ્ચે જ અટકી જતાં આ માર્ગ પર મોટા-મોટા જોખમી ખાડાઓ પડી ગયા છે. વાહનો પસાર થાય ત્યારે ઉડતા ધૂળના ગોટેગોટાને કારણે આસપાસના રહીશોનું જીવવું દુર્લભ બની ગયું છે. આ માર્ગ પરથી રોજબરોજ અસંખ્ય સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ, નોકરીયાતો, ખેડૂતો અને સામાન્ય નાગરિકો અવરજવર કરે છે. ખાડા અને ધૂળના કારણે વાહનચાલકો અવારનવાર સ્લીપ થઈને ગંભીર ઈજાઓનો ભોગ બની રહ્યા છે. ચોમાસામાં કાદવ-કીચડ અને બાકીના દિવસોમાં કાળઝાળ ધૂળથી ત્રસ્ત બનેલી જનતા હવે રોષે ભરાઈ છે. સવાલો એ થાય છે કે જો રૂ. ૫૭ કરોડ મંજૂર થઈ ચૂક્યા છે, તો એક વર્ષ સુધી કામ કેમ શરૂ કેમ નથી થયું? તંત્ર કોની રાહ જોઈ રહ્યું છે? શું ચૂંટણી આવે ત્યારે જ નેતાઓને આ રસ્તાની યાદ આવશે?

# નિ:શુલ્ક લગેજ અને પગરખા કેન્દ્રના નામે એજન્સીએ યાત્રીકો પાસેથી કરોડો ખંખેર્યા

## યાત્રિકો પાસેથી રૂપિયા પડાવતી એજન્સીને મંદિર ટ્રસ્ટના કયા અધિકારીઓ છાવરે છે

અંબાજી

શક્તિપીઠ અંબાજીમાં દરરોજ હજારો ભક્તો મા અંબાના દર્શન કરવા આવે છે. યાત્રિકોની સુવિધા માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ ગેટો પર નિ:શુલ્ક પગરખા અને લગેજ સ્ટેન્ડની સારી વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ આ નિ:શુલ્ક વ્યવસ્થાનો લાભ ઉઠાવીને તેનું સંચાલન કરતી એજન્સી પોતે જ મોટો લાભ લઈ રહી છે આ એજન્સીના કારણે પવિત્ર યાત્રાધામ અંબાજીનું નામ ખરાબ થઈ રહ્યું છે, ત્યારે આવી એજન્સીને બ્લેકલિસ્ટ કરી કાયમ માટે ઘરભેગી કરવામાં આવે તેવી માઈભક્તોની ઉગ્ર માંગ ઉઠી રહી છે. થોડા દિવસ પહેલા યોજાયેલા ભાદરવી મહામેળામાં 43 લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શન કર્યા હતા. બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર અને અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો માટે નિ:શુલ્ક ભોજન, રહેવા, પગરખાં, લગેજ સહિતની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. તંત્ર ભલે ગમે તેટલી નિ:શુલ્ક વ્યવસ્થાઓ કરે, પરંતુ ભાદરવી મહામેળાનો લાભ ઉઠાવીને '50-100 રૂપિયા તો લેવા જ છે અને કરોડોની કમાણી કરી લેવી છે' તેવી માનસિકતા સાથે એજન્સીના માણસોએ કામ કર્યું હોવાનું સામે આવ્યું છે.750 સીસીટીવી કેમેરાની નજર સામે જ યાત્રિકો પાસેથી ખુલ્લેઆમ 50 અને 100 રૂપિયા વસૂલીને આ એજન્સીએ લાખો નહીં પણ કરોડો રૂપિયાની કમાણી કરી છે ત્યારે નિ શુલ્ક હોવા છતાં ભક્તો પાસેથી વસૂલાત કરવામાં આવી હતી એક બાજુ તંત્ર 'પધારો, અંબાજી આપનું હાર્દિક સ્વાગત કરે છે' નો સંદેશ આપે છે, તો બીજી બાજુ આવી એજન્સીઓના કારણે યાત્રિકો 'લૂંટાયા' હોવાની લાગણી સાથે ખરાબ મેસેજ લઈને પાછા જાય છે.

### મળતિયાઓ દ્વારા કથિત આક્ષેપો અને અભદ્ર ભાષાના પ્રયોગથી રોષ ભભૂક્યો

# બનાસકાંઠાના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને 'MLA' એવોર્ડ મળતાં ભાજપમાં ખળભળાટ!!

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના લોકપ્રિય અને લડાયક ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની લોકઉપયોગી રાજકીય સફરમાં વધુ એક ગૌરવવંતુ સીમાચિહ્ન ઉમેરાયું છે. 'શાઈનિંગ ઈન્ડિયા ન્યૂઝ' અને 'શાઈનિંગ ઈન્ડિયા સર્વે' દ્વારા ઉત્કૃષ્ટ જનસેવા અને વિધાનસભામાં પ્રજાના પ્રશ્નોને વાચા આપવા બદલ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને પ્રતિષ્ઠિત 'બેસ્ટ ધારાસભ્ય' (Best MLA) ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ મળતાં જ વિરોધી છાવણીમાં ફફડાટ વ્યાપી ગયો છે અને ભાજપના પેટમાં તેલ રેડાયું છે.

ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને જનતાના મત અને કામના આધારે આ રાષ્ટ્રીય સ્તરનું સન્માન મળતા જ સત્તાના મદમાં ચૂર ભાજપના




મળતિયાઓ અને પ્યાદાઓ ધૂંધવાઈ ઉઠ્યા હતા. પોતાની રાજકીય અસક્ષમતા અને નિષ્ફળતા છુપાવવા માટે ભાજપે કથિત ચાર લાખ રૂપિયા લેવાના પાયાવિહોણા અને પાયાની વાસ્તવિકતા વગરના વાહિયાત આરોપો લગાવીને જીજ્ઞેશ મેવાણીની સ્વચ્છ અને લોકપ્રિય છબીને નુકસાન પહોંચાડવાનું ઘૃણાસ્પદ કૃત્ય કર્યું છે. આટલાથી પણ સંતોષ ન થયો હોય તેમ દલિત વિરોધી માનસિકતા ધરાવતા ભાજપના ઈશારે પ્રવક્તા ધવલ દવે દ્વારા તમામ મર્યાદાઓ નેવે મૂકીને ધારાસભ્યની માતા અને બહેન વિશે અત્યંત અભદ્ર, નીચ અને ગંદી ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જે સભ્ય સમાજ માટે શરમજનક છે. આ કોઈ પહેલી ઘટના નથી, આ એ જ ભાજપા છે જેના શીર્ષ નેતૃત્વ દ્વારા અગાઉ પણ આવા નીચ સ્તરના હથકંડા અપનાવવામાં આવ્યા છે. ઈતિહાસ યાદ અપાવે છે કે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી વખતે દેશના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા પણ જીજ્ઞેશ મેવાણી આતંકીઓ પાસેથી ફંડ મેળવતા હોવાના તદ્દન પાયાવિહોણા અને દેશના સર્વોચ્ચ સંવિધાનિક પદની ગરિમાને કલંકિત કરતા ગંભીર આક્ષેપો લગાવવામાં આવ્યા હતા.

# ડભોઈ-વડોદરા રોડ પર કાળમુખો 'છોટાહાથી' બેકાબૂ: અકસ્માતમાં રવી પાર્કના ટુ-વ્હીલર ચાલકનું કરુણ મોત

ડભોઇ

ડભોઈથી વડોદરા તરફ જતા મુખ્ય માર્ગ પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે, જેમાં વધુ એક નિર્દોષ નાગરિકે પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. વરણામા પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં આવતા ડભોઈ-વડોદરા રોડ પર પૂરઝડપે દોડતા છોટાહાથી (ટેમ્પો) ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી ટુ-વ્હીલર ચાલકને જોરદાર ટક્કર મારતા ગઝબનો અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ટુ-વ્હીલર ચાલકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી રવી પાર્ક સોસાયટીમાં રહેતા ૪૨ વર્ષીય કલ્પેશભાઈ ગોવિંદભાઈ પરમાર ગત તા. ૨ ઓક્ટોબરના રોજ પોતાના અંગત કામસર ટુ-વ્હીલર (પ્લેઝર) લઈને નીકળ્યા હતા. તેઓ રતનપુર ગામ સામેથી ડભોઈથી વડોદરા તરફ જતા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન પુરઝડપે અને બેફામ રીતે આવી રહેલા છોટાહાથી (નંબર: GJ-06-BY-9155) ના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી કલ્પેશભાઈના પ્લેઝર સાથે ધડાકાભેર ટક્કર મારી હતી.

આ ટક્કર ભયાનક હતી કે કલ્પેશભાઈ ટુ-વ્હીલર પરથી ઉછળીને સીધા રોડ પર ફંગોળાયા હતા. માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

## તંત્રી લેખ...

# આદિવાસીઓને બાકાત રાખ્યા છતાં 'યુનિફોર્મ સિવિલ કોડ' (UCC)નું ટાઇટલ આપવું એ પ્રજાને ભ્રમિત કરવાનું સૌથી મોટું રાજકીય કાવતરું!

ભારતીય લોકશાહી અને સંસદીય રાજકારણમાં જ્યારે પણ કોઈ મોટા અને દૂરગામી કાયદાની ચર્ચા થાય છે, ત્યારે તેના લખાણ કરતા તેના પ્રતીકો અને શીર્ષકો (ટાઇટલ) પર વધુ રાજકારણ રમાતું હોય છે. દેશભરમાં છેલ્લા કેટલાક સમયથી 'યુનિફોર્મ સિવિલ કોડ' (UCC) એટલે કે 'સમાન નાગરિક સંહિતા'ને લઈને ભારે હોબાળો મચી ગયો છે. સરકાર અને તેના સમર્થકો દ્વારા એવો ભવ્ય દાવો કરવામાં આવી રહ્યો છે કે દેશમાં 'એક દેશ, એક કાયદો' ની વિભાવના સાકાર થઈ રહી છે. પરંતુ, વાસ્તવિકતા અને જમીની કાયદાના પાનાઓ ઉઘાડીને જોઈએ ત્યારે એક અત્યંત ચોંકાવનારી અને આંખ ઉઘાડનારી હકીકત બહાર આવે છે–આ કાયદાની મર્યાદામાંથી આપણા આદિવાસી ભાઈ-બહેનો અને તેમના રૂઢીગત કાયદાઓને સંપૂર્ણપણે બાકાત (Exempt) રાખવામાં આવ્યા છે!

અહીં સૌથી મોટો અને સળગતો સવાલ એ ઊભો થાય છે કે, જો આ કાયદો દેશના તમામ નાગરિકો માટે સમાન હોવાનો દાવો કરતો હોવા છતાં, કરોડોની સંખ્યામાં વસતા આદિવાસી સમુદાયને તેના દાયરાથી દૂર રાખવામાં આવ્યો છે, તો પછી આ કાયદાને 'યુનિફોર્મ' (સમાન) સિવિલ કોડનું બ્રહ્માસ્ત્ર જેવું ટાઈટલ આપવાનો અર્થ શું? શું આ માત્ર દેશની ભોળી જનતા અને ખાસ કરીને આદિવાસી સમાજને અંધારામાં રાખીને ભ્રમિત કરવાનું કોઈ સુયોજિત રાજકીય કાવતરું તો નથી ને?

'સમાનતા' ના નામે માત્ર દેખાડો: આદિવાસીઓ વગરનો UCC કેમ?



ભારતીય બંધારણની કલમ ૪૪ માં સમાન નાગરિક સંહિતાની વાત કરવામાં આવી છે, જેનો મૂળ હેતુ દેશના તમામ નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, દત્તક અને વારસા જેવા પારિવારિક વિષયોમાં એકસમાન કાયદો લાવવાનો છે. પરંતુ જ્યારે ડ્રાફ્ટ કે કાયદાકીય રૂપરેખા તૈયાર થાય છે, ત્યારે રાજકીય વાસ્તવિકતાઓ સામે ઝૂકીને આદિવાસીઓની અનન્ય સંસ્કૃતિ, પરંપરાઓ અને પાંચમી-છઠ્ઠી ના રક્ષણને ટાંકીને તેમને આ કાયદામાંથી મુક્તિ આપી દેવામાં આવે છે.

જો દેશના એક વિશાળ વર્ગ (જેમ કે આદિવાસી સમાજ) પર આ કાયદો લાગુ જ પડવાનો ન હોય, તો તેને સમગ્ર દેશ માટેનો 'સમાન' કાયદો કેવી રીતે કહી શકાય? આ એક એવો વિરોધાભાસ છે જે સરકારની નીતિઓ પર સીધા સવાલો ખડા કરે છે. જો આદિવાસીઓની રૂઢીઓ અને તેમની સ્થાનિક પરંપરાઓનું સન્માન કરવું અનિવાર્ય હોય (જે બિલકુલ સાચું પણ છે), તો પછી બાકીના દેશ પર આ જ કાયદો થોપીને તેને 'સૌના માટે સમાન' હોવાનો દંભ કેમ રચવામાં આવી રહ્યો છે?

રાજકીય રોટલા શેકવાની કુટિલ રમત

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરનો સ્પષ્ટ મત છે કે UCC ના નામે જે માહોલ બનાવવામાં આવી રહ્યો છે, તે ઘણે અંશે જનમાનસને ધ્રુવીકરણ (Polarization) કરવાનો અને ચૂંટણીકીય ફાયદા મેળવવાનો એક હથકંડો બની ગયો છે. એક તરફ એવું ચિત્ર ઊભું કરવામાં આવે છે કે દેશમાં ક્રાંતિકારી પરિવર્તન આવી ગયું છે, અને બીજી તરફ વ્યવહારમાં મોટા અપવાદો રાખીને કાયદાની દાંત કાઢી નાખવામાં આવે છે. આદિવાસી સમાજ હંમેશાં પોતાની જંગલ, જમીન, સંસ્કૃતિ અને સ્વદેશી કાયદાઓ માટે સંઘર્ષ કરતો આવ્યો છે. તેમની પોતાની રૂઢીગત પંચાયતો અને સામાજિક વ્યવસ્થાઓ છે. સરકાર પણ આ વાત સારી રીતે જાણે છે કે જો આદિવાસીઓને બળજબરીથી આ કાયદા હેઠળ લાવવામાં આવશે, તો દેશમાં એક મોટો સામાજિક વિસ્ફોટ થઈ શકે છે. એટલા માટે જ તેમને કાયદાની બહાર રાખવામાં આવ્યા છે. પરંતુ સવાલ એ છે કે જો અંદરખાને આ છૂટ જ આપવાની હતી, તો પછી પ્રચાર કરતી વખતે આ સમગ્ર કાયદાને એવા રંગરૂપમાં કેમ રજૂ કરાય છે કે જાણે દેશમાં દરેક નાગરિક માટે કાલે સવારથી બધું જ એકસમાન થઈ જવાનું હોય? આ અતિશયોક્તિ અને ભ્રમણા સિવાય બીજું કંઈ નથી.

વાચકો માટે ગંભીર ચિંતન: સત્ય સ્વીકારવાનો સમય આવી ગયો છે

'પાક્કો ગુજરાત' પોતાના જાગૃત વાચકોને અપીલ કરે છે કે માત્ર ઉપરિ ઢાંકપિછોડા અને મોટા-મોટા નામોથી દોરવાઈ જવાની જરૂર નથી. કોઈપણ કાયદો તેના શીર્ષકથી નહીં, પરંતુ તેની અંદર રહેલી જોગવાઈઓ અને તેની વ્યાપકતાથી પરખાય છે. જો કાયદો ખરેખર સર્વસમાવેશક અને સમાન હોય, તો તેમાં શરતો અને અપવાદોની આડમાં ચોક્કસ વર્ગોને સાચવી લેવાની રમત બંધ થવી જોઈએ. જો આદિવાસીઓ પોતાની અનન્ય ઓળખ સાથે જીવવાના હકદાર છે–જે તેઓ છે જ–તો દેશના અન્ય નાગરિકોની સાંસ્કૃતિક અને સામાજિક વિવિધતાને પણ કેમ નજરઅંદાજ કરવામાં આવે છે? UCC ના નામ પર ચાલતી આ રાજકીય મંચસાજી હવે દેશની જનતા સમક્ષ ખુલ્લી પડી ચૂકી છે. પ્રજાએ હવે રાજકીય નારાઓથી નહીં, પરંતુ વાસ્તવિક હકીકતોથી વિચારવાનો સમય આવી ગયો છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# પચાસ હજારથી શરૂ થયેલી બોલી પાંચ લાખ સુધી પહોંચી છતાં બાપુની સ્કીમ ફેલ: "માથે મેલું ઉપાડો અને અનામત હટાવો" નો નવો કડાકો!

## શંકરસિંહ વાઘેલાના વિવાદાસ્પદ નિવેદન બાદ ગુજરાતના રાજકારણમાં નવો ભડાકો: સવર્ણ સમાજમાંથી એક પણ વ્યક્તિ આગળ ન આવતા બાપુની ચેલેન્જ પર ઉઠતા સવાલો

અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં નિવેદનોની રમઝટ ક્યારે શું રંગ લાવે તે કહી શકાતું નથી. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા (બાપુ) દ્વારા તાજેતરમાં આપવામાં આવેલું એક નિવેદન હાલ રાજ્યભરમાં ચર્ચાના એરણે ચડ્યું છે. સાગબારાના આદિવાસી સંમેલનમાં શંકરસિંહ વાઘેલાએ બ્રાહ્મણ, પટેલ અને વાણિયા સમાજને લઈને એક વિવાદાસ્પદ કટાક્ષ કર્યો હતો કે જો આ સમાજના લોકો માથે મેલું ઉપાડે તો હું તેમને 50 હજાર રૂપિયા આપીશ! પરંતુ સમયની સાથે હવે આ બોલીમાં મોટો ઉછાળો આવ્યો છે અને ચર્ચાઓ મુજબ આ બોલી પચાસ હજારથી વધીને સીધી પાંચ લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ છે!

છતાં પણ સૌથી મોટો અને ચોંકાવનારો સવાલ એ છે કે આટલી મોટી રકમની ઓફર છતાં આજદિન સુધી સવર્ણ સમાજમાંથી એક પણ વ્યક્તિએ માથે મેલું ઉપાડવાની તૈયારી બતાવી નથી. આ હકીકત સાબિત કરે છે કે આ સ્કીમ જમીની સ્તરે સંપૂર્ણપણે ફેલ સાબિત થઈ ચૂકી છે.

બાપુનું દર્દ: 'આ શરમજનક ઘટના છે, સમાજ માટે શ્રાપ સમાન છે'



આ સમગ્ર વિવાદ વચ્ચે શંકરસિંહ વાઘેલાએ ખુદ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, સદીઓથી ચાલતી આ પ્રથા આપણા સમાજ માટે એક અત્યંત શરમજનક ઘટના છે અને આ માનસિકતા આપણા ધર્મ તથા સમાજ માટે એક અભિશાપ કે શ્રાપ સમાન સાબિત થઈ રહી છે. જેના કારણે ધર્મ અને જાતિ વચ્ચે મોટા ભેદભાવો ઉત્પન્ન થઈ રહ્યા છે. તેમનો આશય કદાચ સામાજિક અસમાનતા પર પ્રહાર કરવાનો હતો, પરંતુ જે રીતે આ નિવેદનને રાજકીય અને જાતિગત રંગ આપવામાં આવ્યો છે, તેણે ભારે હોબાળો મચાવ્યો છે.

હવે જનતામાંથી ઉઠતી ઘાતક માંગ: 'માથે મેલું ઉપાડો અને અનામત હટાવો!'

આ સમગ્ર વિવાદ અને નિવેદનોની વચ્ચે હવે રાજકીય અને સામાજિક વર્તુળોમાંથી એક નવો અને અત્યંત જોરદાર સુર ઉઠી રહ્યો છે. વિશ્લેષકો અને જનતાનું એવું માનવું છે કે જો ખરેખર સમાજમાંથી જાતિગત ભેદભાવો અને અસમાનતા કાયમ માટે નાબૂદ કરવી હોય, તો માત્ર પ્રથાઓ પર કટાક્ષ કરવાથી કે 50 હજાર કે 5 લાખની રકમ ફેંકવાથી ક્યારેય પરિવર્તન નહીં આવે.

સમાજમાં એક સારો અને સચોટ દાખલો બેસાડવા માટે હવે સમય આવી ગયો છે કે અસલી વ્યવસ્થિત પરિવર્તનની લડાઈ લડવામાં આવે. લોકો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે જો સામાજિક સમરસતા લાવવી જ હોય, તો માત્ર પ્રથાઓના વિરોધ પૂરતું સીમિત ન રહેતા, 'માથે મેલું ઉપાડવાની પ્રથાને સદંતર જડમૂળથી નાબૂદ કરો અને સાથેસાથે અનામત જેવી જાતિ આધારિત વ્યવસ્થાઓ હટાવો' ની ફોર્મ્યુલા અપનાવવી જોઈએ. જો દેશ અને રાજ્યમાંથી જાતિવાદને હંમેશ માટે ખતમ કરવો હોય, તો અનામત વ્યવસ્થા અને સામાજિક વિભાજનના તમામ મૂળ પર જ પ્રહાર કરવો પડશે.

આ 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરનો સ્પષ્ટ મત છે કે સમાજમાં જો ખરેખર ક્રાંતિ લાવવી હોય તો આવા રાજકીય ડ્રામાઓ બંધ કરીને સમાનતાના સાચા પાયા પર એક નવું ગુજરાત બનાવવું પડશે, જ્યાં ન કોઈ જાતિ નાની હોય કે ન કોઈ કામ અપમાનજનક ગણાય!

# શારીરિક નજીકતા : સંબંધને મજબૂત બનાવે કે માત્ર ક્ષણિક બનાવે?

શારીરિક નજીકતા માનવજીવનની સ્વાભાવિક લાગણી છે, પરંતુ તેને માત્ર શરીરની ઈચ્છા સુધી સીમિત કરી દેવામાં આવે ત્યારે સંબંધની ઊંડાઈ ક્યાંક ખોવાઈ જાય છે. સાચી નજીકતા ત્યાં જન્મે છે, જ્યાં બે શરીરો સાથે બે મન પણ એકબીજાને સમજવાનો પ્રયત્ન કરે છે. પ્રેમમાં સ્પર્શનું પોતાનું એક મૌન વ્યાકરણ હોય છે. ક્યારેક હાથ પકડી રાખવો, થાકેલા જીવનસાથીની બાજુમાં શાંતિથી બેસવું કે આંખોમાં આંખો નાખીને "હું તારી સાથે છું" એવો નિઃશબ્દ વિશ્વાસ આપવો–આ બધું પણ અંતરંગતાનો જ એક સુંદર સ્વરૂપ છે. "શરીરનું અંતર ઓછું કરવું સહેલું છે, પરંતુ મનનું અંતર ઓછું કરવું એ જ સાચી નજીકતા છે." દાંપત્યજીવનમાં શારીરિક સંબંધનું સ્થાન મહત્વપૂર્ણ છે, પરંતુ તેની સુંદરતા પરસ્પર સંમતિ, વિશ્વાસ અને સન્માનથી જ ખીલે છે. જ્યાં એક વ્યક્તિની ઈચ્છા સામે બીજી વ્યક્તિની અસહમતિને અવગણવામાં આવે છે, ત્યાં નજીકતા રહેતી નથી; ત્યાં સંબંધમાં દબાણ જન્મે છે. તેથી કોઈપણ અંતરંગ સંબંધમાં બંને વ્યક્તિની સ્પષ્ટ સંમતિ અને સ્વીકાર મૂળભૂત છે. ઘણી વખત લોકો શારીરિક નજીકતાને સંબંધની સફળતાનું એકમાત્ર માપદંડ માની લે છે. હકીકતમાં સંબંધનું આયુષ્ય માત્ર અંતરંગ ક્ષણોથી નક્કી થતું નથી. એકબીજાની લાગણીઓને સમજવી, મુશ્કેલીમાં સાથ આપવો, ભૂલોને માફ કરવાની પરિપક્વતા રાખવી, એકબીજાની મર્યાદાઓનું સન્માન કરવું અને નિઃસ્વાર્થ સંવાદ જ સંબંધને લાંબો શ્વાસ આપે છે. ક્ષણિક આકર્ષણ આંખોને ગમી શકે છે, પરંતુ સ્થાયી સંબંધ હૃદય અને સમજણને ગમે છે. શરીરનું સૌંદર્ય સમય સાથે બદલાય છે; પરંતુ સ્વભાવની ઉષ્મા, વિશ્વાસની સુગંધ અને સંવેદનશીલતાની છાંયડી વર્ષો સુધી સંબંધને જીવંત રાખી શકે છે. આજના સમયમાં સંબંધોમાં એક મોટી સમસ્યા એ પણ છે કે લોકો વાતચીત કરતાં અપેક્ષાઓ વધુ રાખે છે. જીવનસાથી શું અનુભવે છે, તેને શું ગમે છે, શું ન ગમે, તેની મર્યાદાઓ શું છે–આ સમજ્યા વિના માત્ર પોતાની જરૂરિયાતને કેન્દ્રમાં રાખવાથી સંબંધ ધીમે ધીમે ખોખલો બની શકે છે. સાચી અંતરંગતા એટલે માત્ર એકાંતમાં મળવું નહીં; પરંતુ જાહેર જીવનની ભીડમાં પણ એકબીજા પ્રત્યે સન્માન જાળવવું. જીવનસાથીની ગેરહાજરીમાં પણ તેની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવું. મતભેદ થાય ત્યારે અપમાન નહીં, સંવાદ પસંદ કરવો. અને જ્યારે શબ્દો ઓછા પડે ત્યારે મૌનમાં પણ એકબીજાની લાગણી સમજવી. શારીરિક નજીકતા સંબંધને મજબૂત બનાવી શકે છે, પરંતુ ત્યારે જ જ્યારે તેની પાછળ પ્રેમ, વિશ્વાસ, સંમતિ અને પરસ્પર સન્માનનું મજબૂત આધારસ્તંભ હોય. અન્યથા તે માત્ર ક્ષણિક અનુભવ બની રહે છે–જે ક્ષણ પૂરી થતાં જ સંબંધ ફરી પોતાના ખાલીપા સાથે ઊભો રહી જાય છે. અંતે વાત શરીરની નથી, સંબંધની છે; સ્પર્શની નથી, સંવેદનાની છે; ક્ષણની નથી, જીવનભરના સાથની છે. કારણ કે સાચો સંબંધ એ નથી, જેમાં બે લોકો માત્ર એકબીજાની નજીક હોય; સાચો સંબંધ તો એ છે, જેમાં બે હૃદય એકબીજાની લાગણીઓથી અજાણ ન રહે.

- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

# ગાંધીના નામે દારૂબંધીનો અસલી ખેલ: નેતાઓ અને પોલીસની તિજોરી ભરાય છે, જ્યારે અસલી ગુજરાત સસ્તી નશાખોરી નહીં પણ મોંઘા ડુપ્લિકેટ ઝેરથી કણસે છે!

## ગિફ્ટ સિટીમાં વીઆઈપીઓ માટે ખુલ્લી છૂટ અને સામાન્ય પ્રજા માટે ડુપ્લિકેટ દારૂનો કાળો કારોબાર: ગુજરાતમાં દારૂબંધીના નામે ચાલતા સૌથી મોટા પાખંડનો પર્દાફાશ

અમદાવાદ

મહાત્મા ગાંધીની પવિત્ર અને અહિંસક ધરા ગણાતા ગુજરાતમાં દારૂબંધી એ દાયકાઓથી એક એવો વિષય રહ્યો છે, જેના પર માત્ર રાજકારણ જ નથી થતું, પરંતુ આ કાયદાની આડમાં કરોડો-અબજો રૂપિયાનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે. ગુજરાતમાં કાગળ પર દારૂબંધી છે, પરંતુ જમીની હકીકત એ છે કે રાજ્યના ખૂણે-ખૂણે દારૂ સરળતાથી મળી રહે છે. સવાલ એ ઊભો થાય છે કે આ દંભી અને ખોટી દારૂબંધીના નામે આખરે કોણ કમાઈ રહ્યું છે? ગાંધીના ગુજરાતમાં નેતાઓ, બુટલેગરો અને પોલીસની મિલીભગતથી ચાલતા આ ખેલ સામે હવે જનતાનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે.

૧૮૭ જુઠા લોકોની જીદ પાછળ બે કરોડ ગુજરાતીઓ કેમ ભોગવી રહ્યા છે?

ગુજરાતની જનતા આજે એવા સવાલો પૂછી રહી છે જે કોઈ રાજકારણી સીધા મોઢે બોલવાની હિંમત નથી કરતા. રાજ્યમાં દારૂબંધીના કાયદાના સમર્થન કે વિરોધની આડમાં એવું કહેવાય છે કે થોડા ગણ્યાગાંઠ્યા લોકોની ખોટી નીતિઓ અને દંભના કારણે આજે ગુજરાતની કરોડોની જનતા આ કાળી વ્યવસ્થાનો ભોગ બની રહી છે. જો દેશમાં સમાનતાનો અધિકાર છે અને બંધારણ દરેક નાગરિકને સમાન હકો આપે છે, તો પછી ગુજરાતના સામાન્ય નાગરિકો પર જ આ કાયદાની જોહુકમી કેમ?

વીઆઈપી અને નેતાઓ માટે અલગ કાયદો: ગિફ્ટ સિટીમાં છૂટ કેમ?

ગુજરાત સરકારની બેવડી નીતિઓનો સૌથી મોટો સબૂત ગાંધીનગરનું 'ગિફ્ટ સિટી' છે. સરકાર પોતાના જ નેતાઓ, ઉચ્ચ અધિકારીઓ, વિદેશી મહેમાનો અને ઉદ્યોગપતિઓ માટે દારૂ પીવાની સત્તાવાર છૂટ આપી દે છે. ગિફ્ટ સિટીમાં આવેલા હાઈ-ફાઈ ઝોનમાં દારૂના પરમિશન અને બાર ખોલવાની મંજૂરી આપવામાં આવી છે, જેથી આ ખાસ મહેમાનોને કોઈ તકલીફ ન પડે.

પરંતુ, જો એ જ ગુજરાતનો સામાન્ય નાગરિક કે શ્રમજીવી વર્ગ પોતાની મહેનતની કમાણીમાંથી થોડી રાહત મેળવવા માંગે, તો તેને અન્ય રાજ્યો કરતા પણ અનેકગણો મોંઘો અને ડુપ્લિકેટ દારૂ ખરીદવા મજબૂર થવું પડે છે.

### મોંઘા ભાવ, ઓરિજિનલની કોઈ ગેરંટી નહીં અને જીવનું જોખમ!

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના કારણે કાયદેસરની કોઈ દુકાનો નથી, જેના કારણે બુટલેગરોનું સામ્રાજ્ય ચાલે છે. પરિસ્થિતિ એવી છે કે સામાન્ય લોકો બીજા રાજ્ય કરતા પણ બમણા-ત્રિપણા ભાવ ચૂકવીને દારૂ ખરીદે છે, છતાંય તે અસલી છે કે નકલી તેની કોઈ ગેરંટી હોતી નથી. ઝેરી દારૂ પીવાના કારણે અનેક નિર્દોષ લોકોના મોત થયા હોવાના ઈતિહાસ છતાં સિસ્ટમ સુધરવાનું નામ લેતી નથી. રાત્રે સંતાઈને દારૂ પીવો પડે અને સવારે ઉઠશો કે નહીં તેની પણ કોઈ ગેરંટી ન રહે તેવી આતંકવાદી જેવી સ્થિતિ ગુજરાતના સામાન્ય માનવી માટે ઊભી કરવામાં આવી છે.

દંભી દારૂબંધી હવે હટાવી જ જોઈએ

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરનો સ્પષ્ટ અને સચોટ મત છે કે જો બંધારણ અને કાયદો દેશમાં એક સમાન હોવાનો દાવો કરતો હોય, તો ગુજરાતમાંથી આ ખોટી, ભ્રષ્ટ અને દંભી દારૂબંધી તાત્કાલિક ધોરણે હટાવી લેવી જોઈએ. ગાંધીજીના નામે દારૂબંધીની આડમાં રાજકીય રોટલા શેકવાનું અને પોલીસ-બુટલેગરોની સલ્તનત ઊભી કરવાનું હવે બંધ થવું જોઈએ. જો સરકારમાં નૈતિકતા બચી હોય, તો ગિફ્ટ સિટી જેવા હાઈ-ફાઈ વિસ્તારોમાં છૂટ આપવાને બદલે સમગ્ર રાજ્યમાં આ કાયદાની વૈજ્ઞાનિક અને વ્યવહારુ પુનઃસમીક્ષા કરવી જોઈએ, જેથી પ્રજા લૂંટાતી અટકાવી શકાય!

# ચેન્નઈના દિગ્ગજ ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર મુથુકૃષ્ણન દંડપાણિની ભયાનક ચેતવણી

## આગામી આર્થિક મંદીનું ભૂત ધૂણ્યું! પરિવારોને 3 વર્ષનું 'ઇમરજન્સી ફંડ' તૈયાર રાખવા તાકીદ; નવો લોન કે મકાન ખરીદવાનો મોહ ભારે પડી શકે છે!

પાક્કો ગુજરાત ન્યૂઝ

દેશ અને દુનિયાના આર્થિક સમીકરણો પર નજર રાખતા નિષ્ણાતો હવે આગામી સમયમાં કોઈ મોટી આર્થિક મંદી અથવા ફાઈનાન્સિયલ ક્રાઈસિસ આવવાની ભયાનક આશંકાઓ વ્યક્ત કરી રહ્યા છે. ચેન્નઈના ખ્યાતનામ અને દિગ્ગજ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર મુથુકૃષ્ણન દંડપાણિ (Muthukrishnan Dandapani) દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી એક ચેતવણીએ દેશભરના મધ્યમ વર્ગ અને રોકાણકારોની ઊંઘ ઉડાડી દીધી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે આવનારો સમય આર્થિક દ્રષ્ટિએ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે, તેથી દરેક પરિવારે ગમે તે ભોગે ઓછામાં ઓછા ત્રણ વર્ષ ચાલે તેટલું સેફ ઈમરજન્સી ફંડ તૈયાર કરી રાખવું જ પડશે!

### શું છે મુથુકૃષ્ણન દંડપાણિની ખતરનાક ચેતવણી?



સામાન્ય રીતે આર્થિક સલાહકારો કોઈપણ પરિવારને કટોકટીના સમય માટે માત્ર ૩ થી ૬ મહિનાના ખર્ચ જેટલું જ બેકઅપ ફંડ રાખવાની સલાહ આપતા હોય છે. પરંતુ, મુથુકૃષ્ણન દંડપાણિએ સીધા ૩ વર્ષ (એટલે કે ૩૬ મહિના) ના ભંડોળની વાત કરીને બધાને ચોંકાવી દીધા છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી છે કે આર્થિક અનિશ્ચિતતાના આ માહોલમાં કોઈપણ નવી લોન લેવી, મોંઘી ગાડી ખરીદવી કે મકાન ખરીદવા જેવી લાંબા ગાળાની મોટી નાણાકીય જવાબદારીઓ (Financial Liabilities) માં ફસાવાનું ટાળવું જોઈએ. જો સમયસર સંભાળવામાં નહીં આવે, તો નોકરી જવી કે ધંધો ડૂબવો જેવી પરિસ્થિતિઓમાં મધ્યમ વર્ગ કંગાળ બની શકે છે!

### મધ્યમ વર્ગ પર આર્થિક માર: 3 વર્ષનું ફંડ લાવવું ક્યાંથી?

આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ તેના પર ભારે ચર્ચા અને મિશ્ર પ્રતિસાદ શરૂ થઈ ગયો છે. કેટલાક અનુભવી નિષ્ણાતો આ સલાહને સો ટકા સાચી અને દૂરંદેશીવાળી માની રહ્યા છે, કારણ કે વૈશ્વિક બજારમાં મંદી અને મોંઘવારીના રાક્ષસે માથું ઊંચક્યું છે.

પરંતુ, સવાલ એ ઊભો થાય છે કે શું આજના મોંઘવારીના જમાનામાં જ્યાં એક સામાન્ય પરિવારનો પગાર કે કમાણી માત્ર ઘર ચલાવવામાં જ પૂરી થઈ જાય છે, ત્યાં ૩ વર્ષનું ફંડ ભેગું કરવું શું શક્ય છે? મધ્યમ વર્ગ અને નોકરીયાત વર્ગનું છે કે આજની કમાણીમાં ઘરનું ભાજપું ચલાવવું મુશ્કેલ છે, ત્યારે ૩૬ મહિનાનું બેકઅપ ફંડ ઊભું કરવું એટલે કે 'લોઢાના ચણા ચાવવા' સમાન છે!

### "પાક્કો ગુજરાત" ન્યૂઝ પેપરના તીખા સવાલો

'પાક્કો ગુજરાત' સ્પષ્ટપણે સવાલ પૂછે છે કે:

શું દેશમાં આવી રહેલી કોઈ મોટી આર્થિક મંદીના એંધાણ સરકાર અને બેંકોને પહેલેથી જ મળી ગયા છે, જેના કારણે આવા નિષ્ણાતોએ ખુલ્લેઆમ ચેતવણી આપવી પડી છે?

જે દેશમાં બેફામ મોંઘવારી અને બેરોજગારીએ સામાન્ય માણસની કમર તોડી નાખી છે, ત્યાં ૩ વર્ષના બેકઅપની વાત કરવી કેટલી વ્યવહારુ છે?

આર્થિક નિષ્ણાતોની આ ચેતવણી કોઈ સામાન્ય વાત નથી, પરંતુ આવનારી નાણાકીય આંધી સામે લડવા માટેની એક ઘંટડી છે. જો સમયસર નાણાકીય નિયંત્રણ નહીં રાખવામાં આવે, તો સામાન્ય માણસનું બજેટ વેરવિખેર થઈ જશે!

# દેશના 15 રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ! 65 કિમીની ઝડપે ફૂંકાશે પવન

નવી દિલ્હી

દેશમાંથી ચોમાસું વિદાય લઈ રહ્યું છે, પરંતુ વિદાય લેતા પહેલાં પણ હવામાન વિભાગે ભારે વરસાદ અને ચક્રવાતી પવનનું એલર્ટ જારી કરીને ચિંતા વધારી દીધી છે. હવામાન વિભાગના તાજેતરના પૂર્વાનુમાન મુજબ, આજથી આગામી સમયમાં દેશના 15 થી વધુ રાજ્યોમાં ભારે વરસાદ અને 60 થી 65 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. આ સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડા જેવા માહોલને કારણે માછીમારોને દરિયો ન ખેડવા અને ખેડૂતોને ખુલ્લા ખેતરોમાં જવાથી બચવાની ખાસ સલાહ આપવામાં આવી છે. ચોમાસાની વિદાય રેખા અને હવામાનની સ્થિતિ. IMDના રિપોર્ટ પ્રમાણે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય રેખા હાલ ગુરદાસપુર, ચંદીગઢ, મુઝફ્ફરનગર, અલીગઢ, ધૌલપુર, ઉદયપુર અને ગુજરાતના નલિયા પરથી પસાર થઈ રહી છે. આ સાથે જ ઉત્તર-પૂર્વ અસમ અને તેની આસપાસના વિસ્તારોમાં વાતાવરણમાં નીચલા સ્તરે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે, જેના કારણે પૂર્વ અને ઉત્તર ભારત તેમજ પહાડી રાજ્યોમાં હવામાન ઝડપથી બદલાઈ રહ્યું છે. હવામાન વિભાગે આજે દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને નાગાલેન્ડમાં વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તર ભારતમાં દિલ્હીમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. આ સાથે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. પહાડી વિસ્તારોમાં પ્રવાસ કરતા પ્રવાસીઓને સાવચેત રહેવા જણાવાયું છે. પશ્ચિમ અને મધ્ય ભારતની વાત કરવામાં આવે તો, ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે. પૂર્વ મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં 35 થી 50 કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને વીજળીના કડાકા સાથે વરસાદ પડવાની આશંકા છે. આ સાથે બિહાર, ઝારખંડ, ઓડિશા અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળમાં આવનારા દિવસોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી કરવામાં આવે છે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા – તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ – વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર – સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન – સુંદર અને પ્રોફેશનલ લુક

### બોડેલી પંથકમાં કલેક્ટરના હન્ટરથી રેતી માફિયાઓમાં ભારે નાસભાગ

# મોડાસર ચોકડી પાસેથી મધરાતે ત્રાટકેલા તંત્રએ રેતી ભરેલા ૯ શંકાસ્પદ ડમ્પરો ઝડપી પાડ્યા!

## રાત્રિના અંધકારમાં ધમધમતા ખનીજ ચોરીના કાળા કારોબાર પર તંત્રનો સપાટો; રોયલ્ટી વિના રેતી વહન કરતા તત્વોમાં ફફડાટ!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં બેફામ બનેલા ખનીજ માફિયાઓ અને રેતી ચોરોની ગતિવિધિઓ પર હવે વહીવટી તંત્ર દ્વારા કડક સકંજો કસવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરના સ્પષ્ટ અને કડક આદેશો બાદ બોડેલી પંથકમાં ખાણ-ખનીજ વિભાગ અને મામલતદારની સંયુક્ત ટીમે રાત્રિના સુમારે એક ઓચિંતું અને આક્રમક ચેકિંગ હાથ ધર્યું હતું. આ સરપ્રાઈઝ કાર્યવાહી દરમિયાન બોડેલીની કુખ્યાત મોડાસર ચોકડી પાસેથી રેતી ભરેલા ૯ જેટલા શંકાસ્પદ ડમ્પરોને રંગે હાથ ઝડપી પાડવામાં આવતા ખનીજ માફિયાઓમાં ભારે હડકંપ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર દ્વારા ગેરકાયદે ખનન અને વહન સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાના આદેશો આપવામાં આવ્યા છે. આ આદેશોના પગલે બોડેલી વિસ્તારમાં રાત્રિના અંધકારનો લાભ લઈને રેતીનું ગેરકાયદે પરિવહન કરતા તત્વો સામે શિકંજો કસવા માટે તંત્ર સક્રિય બન્યું હતું.

રાત્રિના બાર વાગ્યા પછી જ્યારે સમગ્ર પંથકમાં શાંતિ છવાયેલી હોય છે અને રેતી માફિયાઓ પોતાના નાપાક ઓપરેશનને અંજામ આપવા નીકળતા હોય છે, તે જ સમયે ખાણ ખનીજ વિભાગની ટીમ અને બોડેલી મામલતદારનો કાફલો મોડાસર ચોકડી પર વોચ ગોઠવીને બેસી ગયો હતો. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પૂરઝડપે પસાર થઈ રહેલા રેતી ભરેલા ડમ્પરોને અટકાવીને કાગળોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. એક પછી એક કરીને કુલ ૯ ડમ્પરો શંકાસ્પદ જણાતા તંત્ર દ્વારા તેમને કબ્જે કરી લેવામાં આવ્યા હતા.



મોડી રાત્રે હાથ ધરેલી આ ધમાકેદાર કાર્યવાહીને પગલે બોડેલી પંથકમાં રેતીના વેપાર સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. પકડાયેલા આ તમામ ૯ ડમ્પરોમાં ભરેલી રેતી અંગેની જરૂરી પરવાનગીઓ, ઓનલાઈન રોયલ્ટી પાસ અને માઈનિંગના નિયમોનું પાલન થયું છે કે નહીં, તે અંગે હવે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. જો આ ડમ્પરો ગેરકાયદેસર રીતે ખનીજ વહન કરતા પૂરવાર થશે, તો તંત્ર દ્વારા લાખો રૂપિયાનો દંડ અને કાયદેસરની સચોટ કાર્યવાહી કરવામાં આવશે તેવી પૂરી સંભાવના છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સ્પષ્ટપણે સવાલ પૂછે છે કે: શું બોડેલી અને આસપાસના પંથકમાં અગાઉ પણ આ રીતે રાત્રે બેરોકટોક રેતીના ડમ્પરો પસાર થતા હતા અને તંત્ર અજાણ હતું? શું આ ખનીજ માફિયાઓને સ્થાનિક સ્તરે કોઈ મોટા વહીવટી કે રાજકીય આશીર્વાદ પ્રાપ્ત છે? જિલ્લા કલેક્ટરના આદેશ બાદ જાગેલું તંત્ર જો આ કાર્યવાહીને માત્ર દેખાડા પૂરતી સીમિત ન રાખતા કાયમી ધોરણે આવા ખનીજ ચોરો પર તૂટી પડે, તો જ સરકારી તિજોરીને ચૂનો લગાવતા આ રાક્ષસો પર લગામ કસી શકાશે!

# રાજ્યભરના 56 ST બસ સ્ટેશનોમાં "ટોયલેટ બ્લોક અપગ્રેડેશન" માટે ખાસ ડ્રાઈવ શરૂ

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સૂચનાથી GSRTC દ્વારા વિશેષ ઝુંબેશનો પ્રારંભ : આગામી 8થી 12 મહિનામાં કામગીરી પૂર્ણ કરાશે; ફરિયાદો માટે 'મુસાફર સેવા સેતુ' QR એપ્લિકેશન કાર્યરત

ગાંધીનગર

રાજ્યભરના એસ.ટી. બસ સ્ટેશનો પર મુસાફરોને વધુ સ્વચ્છ, સુવિધાસભર અને આધુનિક સુવિધાઓ મળી રહે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) દ્વારા વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સૂચનાથી રાજ્યના 56 એસ.ટી. બસ સ્ટેશનોમાં 'ટોયલેટ બ્લોક રીન્યુએશન અને રિપેરીંગ ડ્રાઈવ' હાથ ધરવામાં આવી છે.

નિગમ દ્વારા હાથ ધરાયેલી કામગીરી હેઠળ અત્યાર સુધીમાં સાવરકુંડલા, વાંસદા, ધંધુકા, ઉમરાળા, પાલિતાણા અને ઢસા એમ કુલ 6 બસ સ્ટેશનોમાં ટોયલેટ બ્લોકના રિપેરીંગ અને અપગ્રેડેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જ્યારે અન્ય 17 બસ સ્ટેશનોમાં હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે. બાકીના 33 બસ સ્ટેશનોમાં આગામી 8થી 12 મહિનામાં કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

GSRTC દ્વારા અગાઉ કરવામાં આવેલા સર્વેના આધારે 'બસ સ્ટેશન બેઝિક ફેસિલિટી અપગ્રેડેશન પ્લાન' તૈયાર કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત ટોયલેટ બ્લોકમાં નવા પ્લમ્બિંગ, કલરકામ, યુરિનલ્સ અને WC પાન, આકર્ષક ફ્લોરિંગ તથા મજબૂત ડ્રેનેજ સિસ્ટમ સહિતની કામગીરી કરવામાં આવશે. ઉપરાંત, જૂના દરવાજા-બારીઓ બદલવા તેમજ યોગ્ય ઈલેક્ટ્રિફિકેશનની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

મહિલા મુસાફરોની સુવિધાને ખાસ ધ્યાનમાં રાખીને સ્થળની જરૂરિયાત મુજબ આશરે 25 યુરિનલ્સ, 20 જનરલ WC અને 25 મહિલા WC વધારવાની પણ યોજના છે.

બસ સ્ટેશનો પર સ્વચ્છતા અથવા અન્ય માળખાકીય સુવિધા અંગેની સમસ્યા હોય તો મુસાફરો સરળતાથી ફરિયાદ નોંધાવી શકે તે માટે 'મુસાફર સેવા સેતુ' QR કોડ આધારિત એપ્લિકેશન કાર્યરત કરવામાં આવશે. મુસાફરો QR કોડ સ્કેન કરીને રિયલ-ટાઈમમાં પોતાની ફરિયાદ નોંધાવી શકશે.

આ ઝુંબેશ પૂર્ણ થયા બાદ રાજ્યના વિવિધ બસ સ્ટેશનો પર મુસાફરોને વધુ સ્વચ્છ અને સુવિધાસભર ટોયલેટ સહિતની પાયાની સુવિધાઓ મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# નડિયાદ રૂરલ વિસ્તારમાં SMCની રેડ, રૂ.20.71 લાખના મુદ્દામાલ સાથે એક ઝડપાયો; 7 આરોપી વોન્ટેડ



નડિયાદ

ખેડા જિલ્લાના નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં SMCએ દરોડો પાડી ભારતીય બનાવટના દારૂ-બીયરની આશરે 85 પેટી અને 3,324 બોટલ ઝડપી પાડી હતી. ડાકોર-નડિયાદ રોડ પર કંજોડા પાટીયા પાસે જય પોઈન્ટ હોટલ નજીક જાહેર રોડ પરથી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

દરોડામાં રૂ.7,81,884ની કિંમતનો IMFL જથ્થો, ત્રણ વાહન, બે મોબાઈલ ફોન તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.20,71,884નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. SMCના પોલીસ સબ ઈન્સ્પેક્ટર સી.કે. સીસોદીયાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

રેડ દરમિયાન આગરવા, તા. ઠાસરા, જી. ખેડાના અલ્પેશભાઈ અરવિંદભાઈ તળપદાને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે જીતુભાઈ વિઠ્ઠલભાઈ તળપદા, જયંતીભાઈ તળપદા, ડુંગરપુર રાજસ્થાનના નીલેષ કલાલ ઉર્ફે નીલેષ મામા સહિત કુલ 7 આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. પકડાયેલ હ્યુન્ડાઈ ક્રેટા કાર તથા એક્ટિવાના માલિકો સહિત ચાર આરોપીઓ પણ વોન્ટેડ છે.

સમગ્ર મામલે નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમો તથા ભારતીય ન્યાય સંહિતાની જોગવાઈ મુજબ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વનરક્ષક-વનપાલ કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલવા કર્મચારી મંડળની માંગ

## પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો કાળી પટ્ટી ધારણથી લઈ અનિશ્ચિત મુદતની હડતાળ સુધીના આંદોલનની ચીમકી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા રાજ્યના વનરક્ષક તથા વનપાલ સંવર્ગના કર્મચારીઓના લાંબા સમયથી પડતર રહેલા વિવિધ પ્રશ્નોનું નીતિગત અને માનવીય ધોરણે નિરાકરણ લાવવા માંગ કરવામાં આવી છે. આ અંગે કર્મચારી મંડળ દ્વારા વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને રાજ્ય સરકારને આવેદનપત્ર પાઠવી કર્મચારીઓના પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવા રજૂઆત કરવામાં આવી છે.



આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, વનરક્ષક અને વનપાલ કર્મચારીઓ રાજ્યના વન, વન્યજીવ અને પર્યાવરણના સંરક્ષણની મહત્વપૂર્ણ જવાબદારી નિભાવે છે. પ્રતિકૂળ વાતાવરણ, જંગલ વિસ્તારમાં ફરજ બજાવવી, વન્યજીવોના સંરક્ષણ સહિતની કામગીરી દરમિયાન કર્મચારીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમ છતાં કર્મચારીઓના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવ્યું ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કર્મચારી મંડળે કર્મચારીઓની સુરક્ષા અને સિક્યોરિટી એલાઉન્સ, બઢતી, પગારધોરણમાં સુધારો, ખાલી જગ્યાઓ ભરવા, વધારાની કામગીરીના પ્રશ્નો તથા અન્ય પડતર મુદ્દાઓનું નિરાકરણ લાવવા માંગ કરી છે.

મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે જો પ્રશ્નોનો યોગ્ય ઉકેલ નહીં આવે તો તબક્કાવાર આંદોલન કરવામાં આવશે. જેમાં સરકારી કાર્યક્રમો તથા ફરજ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી કામગીરી કરવી, પેન ડાઉન કાર્યક્રમ, સરકારી વોટ્સએપ ગ્રુપમાંથી બહાર નીકળી ઓનલાઈન કામગીરી અને રેકોર્ડ સિવાયની કામગીરી બંધ કરવી, માસ સીએલ તથા અંતે અનિશ્ચિત મુદતની હડતાળ જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

વનરક્ષક અને વનપાલ કર્મચારીઓના પડતર પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવી કર્મચારીઓને ન્યાય આપવા કર્મચારી મંડળ દ્વારા રાજ્ય સરકાર અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ માંગ કરવામાં આવી છે.

# ચાંગોદરમાં SMCની રેડ, રૂ.14.24 લાખના મુદ્દામાલ સાથે એક ઝડપાયો; 6 આરોપી વોન્ટેડ



અમદાવાદ

અમદાવાદ ગ્રામ્યના ચાંગોદર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં SMCએ દરોડો પાડી ભારતીય બનાવટના દારૂ-બીયરની 40 જેટલી પેટી અને 1,153 બોટલ ઝડપી પાડી હતી. રાજકોટ-અમદાવાદ હાઈવે પર ચાંગોદરથી સનાથળ સર્કલ તરફ જતા આર.કે. ઓમલેટ સેન્ટરની બાજુના ત્રણ રસ્તા નજીક જાહેરમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. દરોડામાં રૂ.4,18,016ની કિંમતનો IMFL જથ્થો, એક વાહન, એક મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ રૂ.14,24,066નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. SMCના પો.સબ.ઈન્સ. કે.ડી. રવિયાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. રેડ દરમિયાન અલ્તાફ વલીમહમદ વોરા, રહે. મકરબા, સરખેજ, અમદાવાદને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે દેવેન્દ્ર ઉર્ફે મુન્નાભાઈ નીતીંભાઈ દરજી (વાઘેલા), સંજય વિઠ્ઠલભાઈ ચુનારા, પ્રકાશ મારવાડી, સુરેશ મારવાડી, સુરેશકુમાર કનુભાઈ ચુનારા તથા ટેમ્પો ટ્રાવેલર્સમાં દારૂનો જથ્થો લાવનાર ડ્રાઈવર મળી કુલ 6 આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. સમગ્ર મામલે ચાંગોદર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમો તથા ભારતીય ન્યાય સંહિતાની જોગવાઈ મુજબ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### છાપરું તૂટી પડતાં બચાવ કામગીરીમાં મુશ્કેલી

# દહેજની ફિલાટેક્સ કંપનીના વેરહાઉસમાં ભીષણ આગ લાગી, 9 ફાયર ટેન્ડરોની જહેમતે 80 ટકા કાબૂ

દહેજ

ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર દહેજ ખાતે આવેલી ફિલાટેક્સ કંપનીના વેરહાઉસમાં અગમ્ય કારણોસર ભીષણ આગ ભભૂકી ઊઠતાં ભારે અફરાતફરી મચી હતી. આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં દૂર સુધી વિરાટ જ્વાળાઓ અને કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં 8થી 9 જેટલા ફાયર ટેન્ડરો તાત્કાલિક સ્થળે દોડી આવ્યા હતા.



પ્રાથમિક અનુમાન મુજબ વેરહાઉસમાં સ્ટોર કરાયેલા મટિરિયલના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. જોકે સ્ટોરમાં કોઈ જોખમી કેમિકલનો જથ્થો ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હોવાનું અધિકારીઓ પાસેથી જાણવા મળ્યું છે. આગને કારણે સ્ટોરનું ઉપરનું છાપરું તૂટી પડતાં ફાયર ટીમને અંદર પાણીનો મારો ચલાવવામાં મુશ્કેલી પડી હતી.

ફાયર જવાનોએ પતરાં તોડી અંદર સુધી પાણી પહોંચાડવાની કામગીરી હાથ ધરી હતી. સતત જહેમત બાદ આગ પર આશરે 80 ટકા જેટલો કાબૂ મેળવી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

સદનસીબે ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી, જોકે એક વ્યક્તિને સામાન્ય ઈજા થતાં ઘટનાસ્થળે જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

હાલ આગ મોટાભાગે નિયંત્રણમાં હોવાનું જાણવા મળ્યું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે. આગનું કારણ અને થયેલા નુકસાન અંગેની સત્તાવાર વિગતો તપાસ પૂર્ણ થયા બાદ જ સામે આવશે.

# 16 વર્ષની સગીરા સાથે દુષ્કર્મનો આક્ષેપ, બે મહિલાની ધરપકડ

અંકલેશ્વર

અંકલેશ્વરમાં 16 વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે સગીરાની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી બે મહિલા આરોપીઓ મહિમા અર્જુન યાદવ અને સીમરન રમેશ ચંદરની ધરપકડ કરી છે.

ફરિયાદ મુજબ, અહેમદ હુસેન શેખ ઉર્ફે કેફે 14 અને 15 સપ્ટેમ્બર, 2026ના રોજ સગીરા સાથે તેના ઘરે શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ છે. સગીરાની માતા મુંબઈ ગઈ હતી તે દરમિયાન આ ઘટના બની હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આરોપીએ સગીરાને લગ્નની લાલચ આપી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત સ્પામાં કામ કરતી મહિમા અર્જુન યાદવ અને સીમરન રમેશ ચંદરે સગીરા પર અહેમદ હુસેન શેખ સાથે સંબંધ બાંધવા દબાણ કર્યું હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. પોલીસે બંને મહિલાઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### બોટાદમાં ખનીજ માફિયાઓનું મોટું નેટવર્ક ઝડપાયું

# સરકારી અધિકારીઓની રેકી કરી વોટ્સએપ ગ્રુપમાં લોકેશન અને વાહનોની માહિતી આપનારાઓ સામે ગુનો

બોટાદ

બોટાદ જિલ્લામાં ગેરકાયદેસર ખનીજ ખનન અને ખનીજ વહનની પ્રવૃત્તિઓ પર રોક લગાવવા માટે કામગીરી કરતી સરકારી એજન્સીઓના અધિકારીઓની રેકી કરી તેમની હિલચાલની માહિતી ખનીજ માફિયાઓ સુધી પહોંચાડવાના કથિત નેટવર્કનો પર્દાફાશ થયો છે. ખાણ-ખનીજ વિભાગ, મામલતદાર, પ્રાંત અધિકારી, આરટીઓ તથા પોલીસની ગતિવિધિઓ પર નજર રાખી વાહનોના નંબર, લોકેશન અને ફોટોગ્રાફ્સ વોટ્સએપ ગ્રુપ મારફતે શેર કરવામાં આવતા હોવાની વિગતો સામે આવી છે.

મળતી માહિતી મુજબ, ખનીજ ચોરી અટકાવવા માટે ચેકિંગમાં નીકળતા અધિકારીઓની હિલચાલની માહિતી પહોંચાડવા માટે અલગ-અલગ વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યા હતા. જેમાં 'રામાધણી', 'Limdi Live', 'Jay Mogal Ma' અને 'માં સોનલ માં' જેવા ગ્રુપનો સમાવેશ થાય છે. આ ગ્રુપમાં સભ્યો પાસેથી દર મહિને રૂ.1,000થી રૂ.1,500 સુધીની રકમ વસૂલવામાં આવતી હોવાની વિગતો પોલીસ તપાસમાં સામે આવી છે.

સરકારી અધિકારીઓની કામગીરીથી બચવા માટે અન્ય વ્યક્તિઓના આધારકાર્ડનો ઉપયોગ કરી ખોટા નામે સિમકાર્ડ એક્ટિવેટ કરાવવામાં આવતા હોવાનો પણ આક્ષેપ છે. આ સિમકાર્ડ મારફતે વોટ્સએપ ગ્રુપ બનાવી અધિકારીઓના વાહનો કઈ દિશામાં જઈ રહ્યા છે તેની માહિતી વોઈસ મેસેજ તેમજ લાઈવ લોકેશન દ્વારા ગ્રુપના સભ્યો અને ખનીજ ચોરી સાથે સંકળાયેલા લોકોને પહોંચાડવામાં આવતી હોવાની માહિતી સામે આવી છે.

આ મામલે ઉમેશ ભાથાભાઈ જોગરાણા, અજયભાઈ ભગાભાઈ રાઠોડ, વિજય ભગજીભાઈ રાઠોડ, દીપકભાઈ બારૈયા, રઘુભાઈ રૂડાભાઈ ખાંભલીયા ઉર્ફે રઘુ પીંડાર અને અમન મનુભાઈ ભુરાણી સામે બોટાદ ટાઉન પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ દ્વારા આરોપી ઉમેશ જોગરાણાનો મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો હતો, જેમાંથી વિવિધ વોટ્સએપ ગ્રુપ તથા અધિકારીઓની હિલચાલને લગતી માહિતી મળી આવી હોવાનું જાણવા મળે છે.

### આઝાદીના દાયકાઓ બાદ પણ પાલસંડાના ચાર ફળિયાનો રસ્તો ક્યાં?

# વિકાસના દાવા વચ્ચે આદિવાસી પરિવારોની કફોડી હાલત; ચોમાસામાં કાદવ : બીમારને જોલીમાં લઈ જવાની મજબૂરી!!

છોટાઉદેપુર

છોટાઉદેપુર તાલુકાના પાલસંડા ગામમાં વિકાસના દાવાઓ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પાલસંડા જૂથ ગ્રામ પંચાયત હેઠળ આવેલા ગમાણ ફળિયું, કાચલી ફળિયું, માર ફળિયું સહિતના ચાર ફળિયાના આદિવાસી પરિવારો આજે પણ પાકા રસ્તાની મૂળભૂત સુવિધાથી વંચિત હોવાનો આક્ષેપ કરી રહ્યા છે.

પાલસંડાથી સિંલોદને જોડતા માર્ગ વચ્ચે આવેલા આ ફળિયાઓ સુધી પહોંચવા માટે આશરે ચાર કિલોમીટરનો કાચો રસ્તો છે. ચોમાસું શરૂ થતાં જ આ રસ્તો કાદવમાં ફેરવાઈ જાય છે અને ગ્રામજનો માટે અવરજવર મુશ્કેલ બની જાય છે.

ચોમાસા દરમિયાન રસ્તા પર એકથી દોઢ ફૂટ સુધી કાદવ થતો હોવાનો ગ્રામજનોનો આક્ષેપ છે. આવી સ્થિતિમાં કોઈ વ્યક્તિ બીમાર પડે કે પ્રસૂતિ જેવી તાત્કાલિક પરિસ્થિતિ સર્જાય ત્યારે 108 એમ્બ્યુલન્સ પણ ફળિયા સુધી પહોંચી શકતી નથી. દર્દીને જોલીમાં કે ખાટલા પર બેસાડી-સુવડાવીને આશરે ચાર કિલોમીટર સુધી મુખ્ય રસ્તા પર લઈ જવાની ફરજ પડે છે.

દર વર્ષે સર્વે, દર વર્ષે આશ્વાસન... રસ્તો ક્યારે? રસ્તા માટે વર્ષોથી રજૂઆતો અને સર્વે થઈ રહ્યા હોવા છતાં હજુ સુધી કાયમી કામગીરી શરૂ ન થઈ હોવાનો ગ્રામજનોનો આક્ષેપ છે.

જો દર વર્ષે સર્વે થાય છે તો પછી રસ્તો બનાવવા માટે કેટલા વર્ષો રાહ જોવી પડશે? ગ્રામજનોનો સવાલ છે કે કાગળ પરની કાર્યવાહી ક્યારે પૂરી થશે અને જમીન પર રસ્તો ક્યારે દેખાશે?

એક તરફ આદિવાસી વિસ્તારોમાં વિકાસના દાવા કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ પાલસંડાના આ ફળિયાના પરિવારો વરસાદમાં કાદવમાંથી પસાર થવા અને દર્દીને જોલીમાં લઈ જવા મજબૂર હોવાનો આક્ષેપ કરી રહ્યા છે.

ગ્રામજનોની માંગ સ્પષ્ટ છે–વચનો નહીં, સર્વે નહીં, આશ્વાસન નહીં... હવે સીધો પાકો રસ્તો જોઈએ.

# સુખી ડેમની કેનાલોમાં ભ્રષ્ટાચાર કે બેદરકારી? ખેડૂતોના ખેતર સુધી પહોંચવાને બદલે પાણી કોતરોમાં વહી રહ્યું છે

છોટાઉદેપુર

છોટાઉદેપુર તાલુકાના પલસાંડા ગામ નજીક સુખી જળાશય યોજનાની ડાબા કાંઠાની કેનાલોમાં પાણી છોડવામાં આવતા ગંભીર બેદરકારી સામે આવી હોવાના ખેડૂતો આક્ષેપ કરી રહ્યા છે. ખેડૂતોના જણાવ્યા મુજબ કેનાલોમાંથી પાણી ખેતરો સુધી પહોંચવાને બદલે અનેક સ્થળોએ કેનાલના લીકેજ અને નબળી સ્થિતિના કારણે સીધું કોતરોમાં વહી જાય છે. એક તરફ સરકાર અને મુખ્યમંત્રી દ્વારા પાણીના એક-એક ટીપાનો બચાવ કરવા તથા સિંચાઈની સુવિધા મજબૂત બનાવવાની વાતો



કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ સરકારી સિંચાઈ વિભાગની કેનાલોમાં જ મોટા પ્રમાણમાં પાણીનો વેડફાટ થતો હોવાના આક્ષેપો ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. ખેડૂતોનો આક્ષેપ છે કે છેલ્લા ઘણા વર્ષોથી કેનાલોની યોગ્ય રીતે મરામત કરવામાં આવી નથી. જો કેનાલોમાં ખરેખર વર્ષોથી જરૂરી રિપેરિંગ અને જાળવણી કરવામાં આવી નથી, તો તેની જવાબદારી કોની? પાણી છોડતા પહેલા કેનાલોની ચકાસણી કેમ કરવામાં આવી નહીં? લીકેજની ફરિયાદો છતાં યોગ્ય કાર્યવાહી કેમ કરવામાં આવી નથી? સરકાર ખેડૂતોની આવક વધારવાની વાત કરે છે, પરંતુ જો સિંચાઈ માટે છોડાયેલું પાણી જ ખેડૂતોના ખેતર સુધી ન પહોંચે અને રસ્તામાં જ કોતરોમાં વહી જાય, તો ખેડૂતોની આવક કેવી રીતે વધશે? ખેડૂતોને સિંચાઈ માટે પાણી જોઈએ છે, કાગળ પરની યોજનાઓ નહીં. સરકારી તંત્ર દ્વારા કેનાલોની સ્થિતિ અંગે તાત્કાલિક સ્થળ તપાસ કરવી જોઈએ. જ્યાં જ્યાં લીકેજ છે ત્યાં તાત્કાલિક સમારકામ કરવું જોઈએ અને અત્યાર સુધી કેનાલોની જાળવણી તથા રિપેરિંગ પાછળ થયેલા ખર્ચની પણ તપાસ થવી જોઈએ. સૌથી મહત્વની બાબત એ છે કે સરકારી જળાશયમાંથી છોડવામાં આવતું લાખો લિટર પાણી જો કેનાલની ખામીના કારણે વેડફાઈ રહ્યું હોય, તો આ નુકસાનની જવાબદારી નક્કી થવી જ જોઈએ. ખેડૂતોને પાણી ન મળવા પાછળની વાસ્તવિક સ્થિતિ અંગે સિંચાઈ વિભાગે જાહેરમાં સ્પષ્ટતા કરવી જોઈએ.



### પરિણીતી ચોપરા એક લાંબા સમયના બ્રેક બાદ કમબેક કરી રહી છે

# પરિણીતી ચોપરાનું શાનદાર કમબેક: સસ્પેન્સ અને થ્રિલરથી ભરપૂર વેબ સિરીઝ 'શક'

મુંબઈ

પરિણીતી ચોપરા એક લાંબા સમયના બ્રેક બાદ કમબેક કરી રહી છે. થ્રિલર અને સસ્પેન્સ ફિલ્મ સાથે કમબેક કરવા માટે તૈયાર છે. ક્રાઈમ, મિસ્ટ્રી અને ચોંકાવનારા અણધાર્યા ટ્વિસ્ટ એકસાથે જોવા મળશે. ઓટીટી પર આવી રહેલી વેબ સિરીઝ 'શક: ટ્રસ્ટ નો વન'ના કારણે એક્ટ્રેસ ચર્ચામાં છે. સસ્પેન્સ સ્ટોરી જેને પણ જોવી ગમે છે એમના માટે આ સિરીઝ અવશ્ય રસપ્રદ રહેવાની છે. આ સ્ટોરી ફેન્સને એક એવી દુનિયામાં લઈ જશે જ્યાં દરેક કડી સાથે સ્ટોરી નાનકડો વળાંક લે છે. અલગ અલગ પાત્રમાં દેખાશે એક્ટ્રેસ. પરિણીતા આ સિરીઝમાં અલગ અલગ પાત્રમાં જોવા મળશે. દરેક પાત્રમાં તેનો એક અલગ અંદાજ જોવા મળશે. સ્ટોરીમાં લાઈવ રિપોર્ટિંગ મેઈન મુદ્દો છે. આખરે લાઈવ રિપોર્ટિંગમાંથી શું મળે છે એના પર ફેન્સની નજર રહેવાની છે. નવા રહસ્ય જોઈને ફેન્સ ચોંકી જશે. નાનકડી કડી પણ એક મોટો ચેન્જ લાવવા માટે જવાબદાર બની શકે છે. સ્ટોરી સત્ય અને જુઠ્ઠા વચ્ચેની છે. દરેક ફ્રેમ ફેન્સને વિચાર કરવા માટે મજબૂર કરી દે છે. ક્રાઈમ ડ્રામા, ઈન્વેસ્ટિગેશન અને ચોંકાવનારા વળાંક સ્ટોરીને આગળ વધારે છે. સમગ્ર વાર્તા અલગ વિષય લઈને આવી છે. સમગ્ર સ્ટોરી માત્ર પરિણીતીની આસપાસ જ નથી ફરતી, કેટલીક એવી સ્થિતિઓ છે જે ખરેખર વિચારવા માટે મજબૂર કરી દે છે. લાઈવ રિપોર્ટિંગમાં કંઈક તો એવું નવું છે જે સ્ટોરીને સતત જોવા માટે પકડી રાખે છે. પરિણીતી સાથેની પોતાની પાર્ટનરશીપની જાહેરાત કરી દીધી છે. આ એમની બીજી પાર્ટનરશીપ છે. આ એક ઈન્વેસ્ટિગેશન થ્રિલર છે. જેમાં રિપોર્ટર તરીકે પરિણીતી જોવા મળે છે. માફિયા સામેની લડત અને સ્ટોરીમાં સતત એક જોખમનો સામનો કરે છે. ફેન્સને સતત કનેક્ટ રાખવાનો મેકર્સનો પ્રયાસ છે. સામાન્ય રીતે અંદાજો લગાવી શકાય એવી ક્રાઈમ સ્ટોરી ફેન્સે જોઈ હશે પણ આ સ્ટોરીમાં એવું નહીં હોય એવું મેકર્સનું કહેવું છે. અહીંયા દરેક પાત્ર કંઈક ને કંઈક તો છુપાવી રહ્યો છે. વીકેન્ડ પર જોવા માટે સ્ટ્રિમ થયેલી આ સિરીઝ પર્ફેક્ટ માનવામાં આવે છે. આ સિરીઝ ૯ ઑક્ટોબરના સ્ટ્રિમ થઈ રહી છે. ધ્રુવ ત્રિપાઠી અને મિહિર જાધવે આ સિરીઝનું ડાયરેક્શનનું કામ સંભાળ્યું છે. જ્યારે પાર્થ કિરણ ઠાકુર અને જોશુઆએ સિરીઝને પ્રોડ્યુસ કરી છે.

> **પરિણીતીનો આ અલગ અંદાજ છે. સમગ્ર સ્ટોરી રેતી અને જમીન માફિયાઓ પર આધારિત છે**

# ગોવિંદા સાથે અફેરની અટકળો પર કોમલનો જવાબ

## ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેમણે સ્પષ્ટતા કરી કે તેઓ ગોવિંદા સાથે આગામી ફિલ્મ 'રૂપા'માં કામ કરી રહ્યા છે

મુંબઈ

અભિનેત્રી કોમલ રાનીએ બોલિવૂડ એક્ટર ગોવિંદા સાથેના અફેરની અફવાઓ પર મૌન તોડ્યું છે. ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેમણે સ્પષ્ટતા કરી કે તેઓ ગોવિંદા સાથે આગામી ફિલ્મ 'રૂપા'માં કામ કરી રહ્યા છે, કોઈ રોમેન્ટિક સંબંધ નથી. કોમલે વિરોધીઓ પર પર્સનલ લાઈફનો તમાશો બનાવવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે તેઓ ભવિષ્યમાં પણ સાથે કામ કરશે. તેમણે કેટલીક અભિનેત્રીઓ પર પણ નિશાન સાધ્યું અને લોકોને તેમનું નામ ગોવિંદા સાથે ખોટી રીતે ન જોડવા અપીલ કરી.

બોલિવૂડ એક્ટર ગોવિંદા અને અભિનેત્રી કોમલ રાની સ્વર્ણકાર છેલ્લા કેટલાક સમયથી કથિત અફેરની ચર્ચાઓને કારણે લાઈમલાઈટમાં છે. બંનેને અનેક પ્રસંગોએ સાથે જોવા મળ્યા બાદ સોશિયલ મીડિયા પર અફવાઓ તેજ બની હતી. આ મામલે ગોવિંદાની પત્ની સુનિતા આહુજાના સમર્થનમાં દિવ્યા ખોસલા અને કશ્મીરા શાહ સહિતના સેલેબ્સે કોમલ રાની પર આકરા સવાલો ઉઠાવ્યા હતા. હવે આ તમામ વિવાદો પર કોમલ રાનીએ પહેલીવાર મૌન




તોડીને વિરોધીઓને જડબાતોડ જવાબ આપ્યો છે. પર્સનલ લાઈફનો તમાશો બનાવવાનો આરોપ: કોમલે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક લાંબી પોસ્ટ શેર કરી હતી. તેમણે કોઈનું સીધું નામ લીધા વિના ગોવિંદા સાથેના સંબંધો પર નિવેદનો આપનારાઓ પર નિશાન સાધ્યું અને સવાલ ઉઠાવ્યો કે શા માટે તેમની અંગત જિંદગીને સાર્વજનિક તમાશો બનાવવામાં આવી રહી છે. કોમલે સ્પષ્ટતા કરી કે તેઓ અને ગોવિંદા આગામી ફિલ્મ 'રૂપા'માં સાથે કામ કરી રહ્યા છે. તેમણે લખ્યું,

'પોતાના હીરો સાથે ગણપતિ બાપ્પાના દર્શન કરવા જવા અને ફિલ્મની સફળતા માટે પ્રાર્થના કરવી ક્યારથી ખોટી બાબત બની ગઈ? અમે ફિલ્મનું એલાન કર્યું છે, કોઈ રોમેન્ટિક અફેરનું નહીં.' લોકો પાસે એ નક્કી કરવાનો અધિકાર નથી કે તેઓ અંગત બાબતો દર્શાવી રહ્યા છે કે ફિલ્મ પ્રમોટ કરી રહ્યા છે.

વિરોધીઓ પર સીધો કટાક્ષ: કોમલે સાફ શબ્દોમાં કહ્યું કે તેઓ બંને એક પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ સાથે નજરે પડશે. કટાક્ષ કરતા તેમણે કહ્યું કે જો કોઈને આ બાબતથી તકલીફ કે ઈર્ષ્યા થતી હોય તો તે બળી શકે છે.

# 'દ્રશ્યમ 3'નું બમ્પર ઓપનિંગ: પ્રથમ દિવસે જ 80 કરોડથી વધુનું કલેક્શન

## મજબૂત સ્ટારકાસ્ટ અને દમદાર પરફોર્મન્સે ચાહકોને ઘેલા કર્યાં

મુંબઈ

બોલિવુડ સુપરસ્ટાર અજય દેવગનની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'દ્રશ્યમ: ધ કન્ક્લુઝન' (દ્રશ્યમ 3) 2 ઓક્ટોબરના રોજ ગાંધી જયંતિના રાષ્ટ્રીય રજાના દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે. આ ફિલ્મને પ્રેક્ષકો અને ક્રિટિક્સ તરફથી અદ્ભુત પ્રતિસાદ મળી રહ્યો છે. દ્રશ્યમ ફ્રેન્ચાઈઝીની આ ફિલ્મે પહેલા જ દિવસે કમાણીના અનેક જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે અને બોક્સ ઓફિસ પર નવો ઈતિહાસ રચ્યો છે. ચાલો જાણીએ આ ફિલ્મે કેટલા રૂપિયા છાપી લીધા છે. અભિષેક પાઠકના નિર્દેશનમાં બનેલી આ સસ્પેન્સ થ્રિલર ફિલ્મને નેશનલ હોલિડેનો ભરપૂર ફાયદો મળ્યો છે. રિપોર્ટ પ્રમામે વાત કરવામાં આવે તો, 'દ્રશ્યમ 3' ફિલ્મે ઓપનિંગ ડે પર જ 80.10 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કર્યું છે, જ્યારે ભારતભરમાં તેનું નેટ કલેક્શન 66.75 કરોડ રૂપિયા નોંધાયું છે. રિલીઝના પ્રથમ દિવસે દેશભરમાં આ ફિલ્મના આશરે 15,759 શો ચલાવવામાં આવ્યા હતા, જેમાં થિયેટરોમાં સરેરાશ 60.1% ઓક્યુપેન્સી જોવા મળી હતી. આ કમાણી સાથે ફિલ્મે અગાઉની ઘણી મોટી બ્લોકબસ્ટર ફિલ્મોના ઓપનિંગ ડે રેકોર્ડને પણ માત આપી દીધી છે.

'દ્રશ્યમ 3: ધ કન્ક્લુઝન' આ સફળ ફ્રેન્ચાઈઝીનો ત્રીજો અને અંતિમ ભાગ છે. મેકર્સે આ શાનદાર કથાને પહેલા અને બીજા ભાગ સાથે એટલી સચોટ રીતે જોડી છે કે પ્રેક્ષકો શરૂઆતથી અંત સુધી સીટ સાથે જકડાઈ રહે છે. જો તમે અગાઉના બંને ભાગ જોયા હશે, તો આ ફિલ્મ જોવાની મજા બમણી થઈ જશે. સમગ્ર ફિલ્મ દરમિયાન સસ્પેન્સ અને થ્રિલ એવા સ્તરે જળવાઈ રહે છે કે દર્શકો એક ક્ષણ માટે પણ બોર થતા નથી. સુપરસ્ટાર અજયની સાથે આ મલ્ટિસ્ટારર ફિલ્મમાં જયદીપ અહલાવત, પ્રકાશ રાજ, તબ્બુ, શ્રિયા સરન, ઈશિતા દત્તા અને સૌરભ શુક્લા જેવા દિગ્ગજ કલાકારોએ મુખ્ય ભૂમિકાઓ ભજવી છે. અભિષેક પાઠકના શાનદાર ડાયરેક્શન અને કલાકારોના ઉત્કૃષ્ટ અભિનયના કારણે આ ફિલ્મ સિનેમાઘરોમાં અવિરત કમાણી કરી રહી છે અને બોક્સ ઓફિસ પર મોટો ધમાકો કરી રહી છે.





# 'કજરા રે'ના શૂટિંગને લઈને અભિનેતા અભિષેક બચ્ચને સિક્રેટ રિવિલ કર્યું

## હવે અભિષેક બચ્ચને આ ગીતના શૂટિંગની યાદો તાજી કરતાં કહ્યું છે કે તેના શૂટિંગ દરમિયાન એવું લાગતું જ નહોતું કે કોઈ ફિલ્મનું ગીત શૂટ થઈ રહ્યું છે

મુંબઈ

અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચનનું 2005ની ફિલ્મ બંટી ઔર બબલીનું લોકપ્રિય ગીત 'કજરા રે' આજે પણ દર્શકોના મનમાં સદાબહાર છે. હવે અભિષેક બચ્ચને આ ગીતના શૂટિંગની યાદો તાજી કરતાં કહ્યું છે કે તેના શૂટિંગ દરમિયાન એવું લાગતું જ નહોતું કે કોઈ ફિલ્મનું ગીત શૂટ થઈ રહ્યું છે, પરંતુ જાણે ચાર કલાક લાંબી ડાન્સ પાર્ટી ચાલી રહી હોય. અભિષેકે જણાવ્યું કે 'કજરા રે'નું શૂટિંગ તેમના માટે સૌથી મોજ વાળા શૂટિંગોમાંનું એક હતું. ગીતના શૂટિંગ દરમિયાન તેમનો જન્મદિવસ પણ આવ્યો હતો અને સેટ પર તેની ઉજવણી કરવામાં આવી હતી. દિગ્દર્શક શાદ અલીએ ગીત વગાડ્યું અને કલાકારોને લગભગ ચાર કલાક સુધી ડાન્સ કરવા દીધા. તે દરમિયાન કરવામાં આવેલી મસ્તી અને ડાન્સના ઘણા ભાગોને બાદમાં ગીતમાં સામેલ કરવામાં આવ્યા હતા. અને તે બાબત ખરેખર દરેક માટે યાદગાર બની ગઈ હતી. અભિષેકે એ પણ ખુલાસો કર્યો કે તેઓ 'કજરા રે 2.0' કરવા માટે તૈયાર છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ અમિતાભ બચ્ચન અને ઐશ્વર્યા રાય સાથે ફરી આવું ગીત કરવા માગશે, ત્યારે તેમણે કહ્યું કે તેમને તો ચોક્કસ ગમશે, પરંતુ તેના માટે તેમણે પહેલા ઐશ્વર્યા અને પોતાના પિતાને મનાવવા પડશે. 'કજરા રે'ને શંકર-એહસાન-લોયે સંગીત આપ્યું હતું અને અલિશા ચિનોય, શંકર મહાદેવન તથા જાવેદ અલીએ તેને અવાજ આપ્યો હતો. વૈભવી મર્ચન્ટે ગીતની કોરિયોગ્રાફી કરી હતી. રસપ્રદ વાત એ છે કે શરૂઆતમાં આ ગીતને લઈને મેકર્સને પણ ખાસ વિશ્વાસ નહોતો. માર્કેટિંગ ટીમના આંતરિક મૂલ્યાંકનમાં પણ આ ગીતને શરૂઆતમાં ટોચનું સ્થાન મળ્યું નહોતું. દિગ્દર્શક શાદ અલીએ અગાઉ જણાવ્યું હતું કે અમિતાભ બચ્ચન પણ શરૂઆતમાં ગીતને લઈને સહમત નહોતા અને તેમણે ગીત શૂટ ન કરવાની સલાહ આપી હતી.

# EForU એન્ટરટેઇનમેન્ટ દ્વારા ગુજરાતી કૉમેડી-ડ્રામા ફિલ્મ "ચોર નં. 1" ના પોસ્ટરનું અનાવરણ

અમદાવાદ

હાસ્ય, મનોરંજન અને ધમાલથી ભરપૂર એક અદ્ભુત સિનેમેટિક સફર માટે તૈયાર થઈ જાઓ! Eforu Entertainment દ્વારા બહુપ્રતિક્ષિત ગુજરાતી કૉમેડી-ડ્રામા ફિલ્મ 'ચોર નં. ૧' નું પહેલું પોસ્ટર લોન્ચ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ શુક્રવાર, ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ સમગ્ર દેશના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે, જે આ વર્ષનું શ્રેષ્ઠ ફેમિલી એન્ટરટેઈનર સાબિત થશે. 'ચોર નં. ૧' ફિલ્મમાં ભરપૂર હાસ્યની સાથે-સાથે ડ્રામા અને લાગણીઓનું સુંદર મિશ્રણ જોવા મળશે. આ ફિલ્મનું લેખન અને નિર્દેશન રાકેશ શાહ દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મના નિર્માતા પ્રશાંત મોદી, અમિત વેડાવાળા અને પિન્કી વેડાવાળા છે, જ્યારે શ્રેણિક શાહ સહ-નિર્માતા તરીકે ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મની મુખ્ય સ્ટારકાસ્ટમાં શ્રેય મારાડિયા, ઋષિ જાની, પાર્થ મોદી, આંચલ શાહ, અર્ચન ત્રિવેદી જેવા પ્રતિભાશાળી કલાકારો મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મના સિનેમેટોગ્રાફર (DOP) નાસિર ખાન છે અને સંગીત નિર્દેશન મૌલિક મહેતાએ આપ્યું છે. કિરણ પરિહાર દ્વારા લખાયેલા ગીતોને ઉમેશ બારોટ, મીત મહેતા અને મૌલિક મહેતા જેવા લોકપ્રિય ગાયકોએ પોતાના અવાજથી શણગાર્યા છે. આ ઉપરાંત, ફિલ્મના મજેદાર સંવાદો કપિલ સાહેત્યાએ લખ્યા છે અને બેકગ્રાઉન્ડ સ્કોર અયાન મકવાણા દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. દમદાર સંવાદો, ઊર્જાસભર ગીતો અને ઉત્સુકતા વધારતા પૃષ્ઠભૂમિ સંગીત સાથે આ ફિલ્મ દર્શકોને શરૂઆતથી અંત સુધી હસાવવા અને થિયેટર સાથે જકડી રાખવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.



પાક્કો ગુજરાત
રવિવાર । 04 ઓક્ટોબર 2026 । અમદાવાદ

## સ્પોર્ટ્સ

### ઈન્ડિયાએ ક્રિકેટમાં સતત બીજીવાર ગોલ્ડ મેળવ્યો; અભિષેક શર્મા અને તિલક વર્માની ફિફ્ટી

# એશિયન ગેમ્સમાં પાકિસ્તાનને હરાવીને ભારતે ગોલ્ડ જીત્યો

મુંબઈ

ભારતે ફાઈનલ મેચમાં પાકિસ્તાનને 19 રનથી હરાવીને સતત બીજી વાર એશિયન ગેમ્સમાં મેન્સ ક્રિકેટનો ગોલ્ડ મેડલ જીતી લીધો છે. ટૉસ જીતીને પહેલા બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 211 રન બનાવ્યા. જવાબમાં પાકિસ્તાનની ટીમ 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 192 રન જ બનાવી શકી. પાકિસ્તાન માટે હસન નવાઝે સૌથી વધુ 96 રન બનાવ્યા. સૈમ અયુબે 29 રનની ઈનિંગ્સ રમી. ભારત તરફથી અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદરે 2-2 વિકેટ લીધી. ભારતે T20 ઈન્ટરનેશનલમાં પાકિસ્તાન સામે પોતાનો સૌથી મોટો સ્કોર



બનાવ્યો. અગાઉનો રેકોર્ડ 192/5નો હતો, જે ભારતે 2012માં અમદાવાદમાં બનાવ્યો હતો. ભારત તરફથી ઓપનર અભિષેક શર્માએ 28 બોલ પર 7 સિક્સરની મદદથી 61 રન બનાવ્યા. તિલક વર્માએ 22 બોલ પર 4 સિક્સરની મદદથી નોટઆઉટ 51 રન બનાવ્યા. ભારતે એશિયન ગેમ્સના મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટનો ગોલ્ડ જીતી લીધો છે. તેણે ફાઈનલ મેચમાં પાકિસ્તાનને 19 રનથી હરાવ્યું. પાકિસ્તાનને છેલ્લી ઓવરમાં 33 રનની જરૂર હતી, પરંતુ શિવમ દુબેએ 13 રન જ આપ્યા. તેણે એક વિકેટ પણ લીધી. 15મી ઓવરમાં શિવમ દુબેએ પહેલા જ બોલ પર સૈમ અયુબને આઉટ કરી દીધો. તેણે ભાગીદારી તોડીને ભારતને મહત્વની સફળતા અપાવી. વોશિંગ્ટન સુંદરે તેનો કેચ પકડ્યો. સૈમ અયુબ 29 રન બનાવીને પવેલિયન પરત ફર્યો. તેના અને હસન નવાઝ વચ્ચે 48 બોલ પર 87 રનની ભાગીદારી થઈ. 13મી ઓવરમાં હસન નવાઝે ફિફ્ટી પૂરી કરી લીધી છે. હસન નવાઝે રવિ બિશ્નોઈના પાંચમા બોલ પર સિક્સર ફટકારીને હાફ સેન્ચુરી પૂરી કરી.

## રોહિત શર્માનો 'હિટ' રેકોર્ડ, સચિન તેંડુલકર પછી આ મુકામ મેળવનાર બીજો ભારતીય બન્યો

નવી દિલ્હી

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રીજી અને અંતિમ વન-ડે મેચ ન્યૂ ચંડીગઢના PCA ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. ભારતીય ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ મુકાબલામાં મેદાન પર ઊતરતાં જ માત્ર 2 રન બનાવીને ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ક્રિકેટ જગતમાં એક ખાસ અને મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. ઓપનર તરીકે 10 હજાર રન પૂરા કરનાર બીજો ભારતીય રોહિત શર્માએ વન-ડે ક્રિકેટમાં ઓપનિંગ બેટ્સમેન તરીકે પોતાના 10,000 રન પૂરા કરી લીધા છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની આ ત્રીજી વન-ડેમાં માત્ર 2 રન નોંધાવતાની સાથે જ તેણે આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં આ મુકામ સુધી પહોંચનાર તે માત્ર બીજો બેટ્સમેન બન્યો છે. રોહિત પહેલાં આ અનોખી સિદ્ધિ માત્ર મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે મેળવી હતી. વિશ્વમાં સૌથી ઝડપી 10 હજાર રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ વિશ્વ ક્રિકેટમાં ઓપનર તરીકે 10,000 રન પૂરા કરનાર રોહિત શર્મા ચોથો બેટ્સમેન બની ગયો છે. આ સાથે જ તેણે વિશ્વમાં સૌથી ઝડપી આ મુકામ પાર કરવાનો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. રોહિતે માત્ર 202મી ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી છે.

### એશિયન ગેમ્સમાંથી પરત મોકલાયો

## ભારતીય હોકી અમ્પાયર પર યૌન શોષણના આરોપો

નવી દિલ્હી

એશિયન ગેમ્સ 2026 દરમિયાન ભારતીય હોકી અમ્પાયર ગુરિન્દર સિંહ સાંઘા પર યૌન શોષણના આરોપો લાગ્યા છે. મલેશિયાની એક મહિલા હોકી અધિકારીએ ફરિયાદ કરી હતી કે વાતચીત દરમિયાન સાંઘાએ તેમને ઘણી વખત ગળે લગાવવાનો પ્રયાસ કર્યો અને ચુંબન પણ કર્યું. સાંઘા પર એવો પણ આરોપ છે કે તેમણે હોટેલના કર્મચારીઓને વાંધાજનક વીડિયો બતાવ્યા. તેમણે પોલીસમાં ફરિયાદ કરવાની ધમકી પણ આપી. ફરિયાદ બાદ ગુરિન્દરને જાપાનથી ભારત પરત મોકલી દેવામાં આવ્યા છે. હોકી ફેડરેશને ગુરિન્દરને ગેમ્સ માટે અમ્પાયર મેનેજર તરીકે નિયુક્ત





કર્યા હતા. મીડિયા અહેવાલ અનુસાર, ગુરિન્દર બે દિવસ પહેલાં જ ભારત પરત આવી ચૂક્યા છે. મલેશિયન મહિલા અધિકારી ઉપરાંત હોટેલ સ્ટાફ તરફથી પણ તેમની ફરિયાદ કરવામાં આવી છે. ગુરિન્દર વિરુદ્ધ પહેલીવાર આવા આરોપો લાગ્યા નથી. ગયા વર્ષે હોકી ઈન્ડિયા લીગ દરમિયાન પણ એક મહિલા અમ્પાયરે તેમની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. 2025માં હોકી ઈન્ડિયા લીગના રાંચી તબક્કા દરમિયાન પણ એક મહિલા અમ્પાયરે તેમની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ત્યારબાદ હોકી ઈન્ડિયાએ ત્રણ સભ્યોની તપાસ સમિતિ બનાવી હતી. સમિતિને તેમની વિરુદ્ધના આરોપોને સમર્થન આપતા પૂરતા પુરાવા મળ્યા નહોતા.

# ભારતે એશિયન ગેમ્સમાં 21મો ગોલ્ડ જીત્યો

### મેન્સ હોકી ફાઈનલમાં મલેશિયાને 5-1થી હરાવ્યું; મેડલ ટેલીમાં નંબર-4 પર પહોંચ્યું

મુંબઈ

ભારતે એશિયન ગેમ્સમાં 21મો ગોલ્ડ મેડલ જીતી લીધો છે. મેન્સ હોકી ટીમે ફાઈનલ મુકાબલામાં મલેશિયાને 5-1થી હરાવ્યું. મેન્સ હોકી ટીમે સતત બીજીવાર ગોલ્ડ જીત્યો છે. આ જીત સાથે ભારતે 2028 ઓલિમ્પિક ગેમ્સની ટિકિટ પણ મેળવી લીધી છે. શનિવારે ભારતે મેન્સ ક્રિકેટ, આર્ચરી, ગોલ્ફ અને રેસલિંગમાં પણ 1-1 ગોલ્ડ જીત્યો. ભારત હવે 21 ગોલ્ડ સહિત કુલ 85 મેડલ સાથે ટેલીમાં ચોથા સ્થાન પર આવી ગયું છે. ફાઈનલ મેચમાં ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહે ડબલ ગોલ કર્યા. તેણે 11મી અને 57મી મિનિટે પેનલ્ટી કોર્નર પર ગોલ કર્યા. હરમનપ્રીત સિવાય,



જુગરાજે 23મી મિનિટે પેનલ્ટી કોર્નર, 42મી મિનિટે હાર્દિકે પેનલ્ટી સ્ટ્રોક પર અને 54મી મિનિટે શિલાનંદે ફીલ્ડ ગોલ કર્યો. મલેશિયા તરફથી એકમાત્ર ગોલ શેલો સિલ્વિયસે 14મી મિનિટે માર્યો. તેણે ફીલ્ડ ગોલ કર્યો. ભારતીય મેન્સ હોકી ટીમે મલેશિયાને 5-1થી હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો. ભારતે પહેલી વાર સતત બે એશિયન ગેમ્સમાં મેન્સ હોકીનો ગોલ્ડ જીત્યો છે. એશિયન ગેમ્સની એક જ આવૃત્તિમાં પહેલી વાર ભારતની મેન્સ અને મહિલા બંને હોકી ટીમે ગોલ્ડ મેડલ જીત્યો છે. 57મી મિનિટે ભારતે પાંચમો ગોલ કરી દીધો. દિલપ્રીતે શાનદાર ડ્રિબ્લિંગ કરતા સર્કલમાં પ્રવેશ કર્યો, પરંતુ તેને ધક્કો મારવામાં આવ્યો. અમ્પાયરે પેનલ્ટી કોર્નર આપ્યો નહીં. ભારતે રિવ્યૂ લીધો અને નિર્ણય ભારતની તરફેણમાં આવ્યો. પેનલ્ટી કોર્નર પર હાર્દિકે પુશ આપ્યો, મનપ્રીતે બોલ આગળ વધાર્યો અને હરમનપ્રીતે ડ્રેગફ્લિકથી ગોલ કરી દીધો. તેનો શોટ સીધો ગોલકીપર તરફ ગયો, પરંતુ તે સમયસર રિએક્શન આપી શક્યો નહીં. ભારત 5-1થી આગળ છે.

## બિઝનેસ

### કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટથી 3 લાખ નોકરીઓ મળશે

# રિલાયન્સ આંધ્ર પ્રદેશમાં ₹1 લાખ કરોડનું રોકાણ કરશે: અનંત અંબાણી

મુંબઈ

રિલાયન્સ આંધ્ર પ્રદેશમાં કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવા માટે 1 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ પ્રોજેક્ટથી રાજ્યમાં 3 લાખથી વધુ લોકોને નોકરીઓ મળશે અને આવનારા સમયમાં આંધ્ર પ્રદેશ સરકારને લગભગ 60,000 કરોડ રૂપિયાની આવક થશે. કંપનીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણીએ આજે એટલે કે 2 ઓક્ટોબરે મદનપલ્લેમાં આયોજિત એક કાર્યક્રમમાં આ જાહેરાત કરી. તેઓ 'રાયલસીમા હોર્ટિકલ્ચર



હબ' અને 'ઈન્ડિયન સ્કૂલ ઑફ એગ્રીકલ્ચર'ના શિલાન્યાસ સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. કાર્યક્રમમાં બોલતાં અનંત અંબાણીએ કહ્યું કે આપણા ખેડૂતો, જેઓ ભારતની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરે છે, હવે દેશની ઊર્જા સુરક્ષાને પણ મજબૂત બનાવશે અને ભારતને ઊર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવશે.

કમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG) શું છે અને તે કેવી રીતે કામ કરશે? કમ્પ્રેસ્ડ બાયોગેસ એટલે કે CBG એક નવીનીકરણીય ઈંધણ છે. તેને જૈવિક કચરા અને અવશેષોમાંથી તૈયાર કરવામાં આવે છે: કાચો માલ: કૃષિ અવશેષો (પરાળી વગેરે), પશુઓનું છાણ, ખાદ્ય કચરો અને અન્ય બાયોમાસ. પ્રોસેસિંગ: આ જૈવિક અવશેષોને પ્રોસેસ કરીને મિથેન ગેસ બનાવવામાં આવે છે, જે પરંપરાગત કુદરતી ગેસનો એક વિકલ્પ છે. ઉપયોગ: તેનો ઉપયોગ વાહનોના ઈંધણ (પરિવહન), કારખાનાઓ (ઉદ્યોગ) અને વાણિજ્યિક કાર્યોમાં કરી શકાય છે. ફાયદા: તેનાથી ઝેરી વાયુઓનું ઉત્સર્જન ઘટશે, અશ્મિભૂત ઈંધણ (ફોસિલ ફ્યુઅલ)ની આયાત પરની નિર્ભરતા ઘટશે.

### એનવિડિયાના શેર ઓલ-ટાઈમ હાઈ

# જેન્સેન હુઆંગની નેટવર્થ 200 બિલિયન ડૉલરને પાર

મુંબઈ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI ચિપ બનાવતી કંપની એનવિડિયા કોર્પોરેશનના કો-ફાઉન્ડર અને CEO જેન્સેન હુઆંગની કુલ નેટવર્થ 200 બિલિયન ડૉલરને પાર પહોંચી ગઈ છે. શુક્રવારે એનવિડિયાના શેર ઑલ-ટાઈમ હાઈ પર પહોંચ્યા બાદ તેમની નેટવર્થમાં આ ઉછાળો આવ્યો. ફોર્બ્સ રિયલ-ટાઈમ બિલિયનેર્સ લિસ્ટ મુજબ, શુક્રવારે સવારે હુઆંગની સંપત્તિ વધીને લગભગ 203.2 બિલિયન એટલે કે આશરે 17 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ. આ વધારા સાથે તેઓ વિશ્વના 7મા સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. 3.4 બિલિયન ડૉલરનો વધારો, શેર 237 ડૉલરને



પાર. શુક્રવારના ટ્રેડિંગ સેશનમાં એનવિડિયાનો શેર 237 ડૉલરના ઑલ-ટાઈમ હાઈ પર પહોંચ્યો. જેના કારણે હુઆંગની સંપત્તિમાં એક જ દિવસમાં 3.4 બિલિયન ડૉલરનો વધારો થયો. જોકે, બાદમાં શેર ઊંચા સ્તરેથી થોડો ઘટીને આશરે 1.3%ના વધારા સાથે 233.95 ડૉલર પર બંધ થયો. જેન્સેન હુઆંગે 1993માં એનવિડિયાની સ્થાપના કરી હતી અને તેમની પાસે કંપનીમાં લગભગ 4% હિસ્સો છે. AIમાં ઉપયોગમાં લેવાતી ચિપ્સની વધતી વૈશ્વિક માંગને કારણે એનવિડિયા દુનિયાની સૌથી વેન્યુએબલ પબ્લિકલી ટ્રેડેડ કંપની બની ગઈ છે. આ સાથે જ હુઆંગની સંપત્તિમાં પણ જબરદસ્ત ઉછાળો આવ્યો છે. જાણો કેમ વધી રહ્યા છે એનવિડિયાના શેર? AI એજન્ટ્સથી વધતી માંગ: હાલના અઠવાડિયાઓમાં એવી આશા જાગી છે કે મેટા પ્લેટફોર્મ્સ ઈન્ક.ના 'મ્યુઝ' જેવા AI એજન્ટ્સ સેમિકન્ડક્ટર અને અદ્યતન ચિપ્સની માંગને વધુ વધારી શકે છે.

### વેચાણ અને નફામાં પણ સુધારો જોવા મળ્યો છે

# આગામી એક વર્ષમાં ફુગાવાનો દર 5 ટકાની અંદર રહેવાની શક્યતા: સર્વે

### ઓગસ્ટમાં પૂર્ણ થયેલા 112મા રાઉન્ડના સર્વેમાં કંપનીઓએ ઉત્પાદન ખર્ચમાં 4.84% અને ગ્રાહક ફુગાવામાં 4.63% વધારાનો અંદાજ મૂક્યો છે

મુંબઈ

આઈઆઈએમ અમદાવાદના સર્વે મુજબ, આગામી એક વર્ષમાં મોંઘવારીનો દર 5 ટકાથી નીચે રહેશે. દેશની 1100 ઉત્પાદક કંપનીઓએ આ આશાવાદ વ્યક્ત કર્યો છે. ઓગસ્ટમાં પૂર્ણ થયેલા 112મા રાઉન્ડના સર્વેમાં કંપનીઓએ ઉત્પાદન ખર્ચમાં 4.84% અને ગ્રાહક ફુગાવામાં 4.63% વધારાનો અંદાજ મૂક્યો છે.

વેચાણ અને નફામાં પણ સુધારો જોવા મળ્યો છે. આગામી એક વર્ષ દરમિયાન ફુગાવાનો દર (મોંઘવારીનો દર) 5 ટકાથી નીચે રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અગ્રણી શિક્ષણ સંસ્થા આઈઆઈએમ અમદાવાદ દ્વારા કરવામાં આવેલા તાજેતરના 'બિઝનેસ ઈન્ફ્લેશન એક્સપેક્ટેશન્સ સર્વે'



(BIES)માં દેશની અંદાજે 1100 જેટલી ઉત્પાદક કંપનીઓએ આ આશાવાદ વ્યક્ત કર્યો છે. IIM અમદાવાદના મિશ્રા સેન્ટર ફોર ફાઈનાન્સિયલ માર્કેટ એન્ડ ઈકોનોમી દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્વેનો ઓગસ્ટ મહિનામાં 112મો રાઉન્ડ પૂર્ણ થયો હતો. આ સર્વેમાં સામાન્ય ગ્રાહકોને બદલે મુખ્યત્વે ઉત્પાદન ક્ષેત્ર (મેન્યુફેક્ચરિંગ સેક્ટર) સાથે જોડાયેલી 1100થી વધુ કંપનીઓના મંતવ્યો લેવામાં આવ્યા હતા. ખર્ચ વધારાની ધારણા ઘટી ઓગસ્ટ મહિનાના આ સર્વેમાં કંપનીઓએ આગામી એક વર્ષમાં પોતાના ઉત્પાદન ખર્ચમાં સરેરાશ 4.84 ટકાનો વધારો થવાની ધારણા દર્શાવી છે, જે જુલાઈમાં 4.94 ટકા હતી. સતત ત્રણ મહિનાથી કંપનીઓની ખર્ચ વધારા અંગેની ધારણા 5 ટકાથી નીચે રહી છે. ગ્રાહક ફુગાવાની ધારણા ગ્રાહકો માટે ચીજવસ્તુઓના ભાવ વધારા અંગે કંપનીઓએ આગામી વર્ષે ફુગાવો 4.63 ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે, જે જૂન મહિનામાં 4.56 ટકા હતો. ખર્ચમાં મધ્યમ સ્તરે વધારો, પણ વધુ ખર્ચ ધરાવતી કંપનીઓ ઘટી સર્વેના આંકડા અનુસાર, 10 ટકાથી વધુ ખર્ચ વધ્યો હોવાનું જણાવતી કંપનીઓનો હિસ્સો 21 ટકાથી ઘટીને 16 ટકા થઈ ગયો છે. 6થી 10 ટકા જેટલો ખર્ચ વધ્યો હોવાનું જણાવતી કંપનીઓ 23 ટકાથી વધીને 25 ટકા થઈ છે. આ આંકડા દર્શાવે છે કે ખુબ મોટો ખર્ચવધારો અનુભવતી કંપનીઓની સંખ્યા ઘટી છે, પરંતુ મધ્યમ સ્તરે ખર્ચનો માર હજુ પણ જોવા મળી રહ્યો છે.

# નવા રોકાણ પ્રોજેક્ટોમાં નોંધાયેલો મોટો ઘટાડો

- **CMIEના ડેટા મુજબ, સપ્ટેમ્બર 2026ના ત્રિમાસિકમાં રોડ, બ્રિજ સહિત નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોની જાહેરાતમાં ઘટાડો નોંધાયો**

મુંબઈ

ભારતમાં નવી ફેકટરીઓ, રોડ, બ્રિજ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો માટે જાહેર થયેલા નવા રોકાણ પ્રસ્તાવોમાં સપ્ટેમ્બર ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, એમ સેન્ટર ફોર મોનીટરીંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના પ્રોવિઝનલ ડેટામાં જોવાયું છે. આ ડેટા મુજબ સરકારી અને ખાનગી બન્ને ક્ષેત્રના નવા પ્રોજેક્ટ જાહેર કરવામાં અગાઉના ત્રિમાસિકની સરખામણીએ તીવ્ર ઘટાડો થયો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા જાહેર કરાયેલા નવા પ્રોજેક્ટોનું કુલ મૂલ્ય રૂ.૧.૩ લાખ કરોડ રહ્યું છે. આ રકમ ગત વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકની સરખામણીએ ૨૭ ટકા ઓછી છે અને જૂન ૨૦૨૬ના ત્રિમાસિકની તુલનાએ ૪૭ ટકા ઓછી છે. અર્થાત, સરકાર તરફથી નવા રોડ, બ્રિજ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોની જાહેરાતની ગતિ અગાઉના ત્રિમાસિક કરતા નોંધપાત્ર રીતે ધીમી પડી છે. ખાનગી ક્ષેત્રે સપ્ટેમ્બર ૨૦૨૬ના ત્રિમાસિકમાં નવા પ્રોજેક્ટો માટે આશરે રૂ.૮.૮ લાખ કરોડની જાહેરાત થઈ હતી. જેમાં વાર્ષિક ધોરણે બે ટકાનો ઘટાડો અને જૂન ત્રિમાસિકની તુલનાએ ૪૯ ટકાનો ઘટાડો થયો છે. જો કે, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છમાસિકના આંકડા હજુ પણ ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ઊંચા છે.

### ખાડિયા વોર્ડમાં કચરા કલેક્શનની આડમાં ખેલ પાડતી સિસ્ટમ

# PHS ભગવાનભાઈ ખાંટ સામે દર મહિને રોકડી કરવાના ગંભીર આક્ષેપોથી AMCમાં ભૂકંપ!

## અમદાવાદના ઐતિહાસિક ખાડિયા વોર્ડમાં ડોર-ટુ-ડોર કચરો ઉપાડવાની કામગીરી બની ભ્રષ્ટાચારનો અડ્ડો: કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતથી પ્રજાના ટેક્સના પૈસાની ખુલ્લી લૂંટ?




**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવવાના દાવાઓ ભલે મોટા-મોટા કરવામાં આવતા હોય, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ કહાની કહી રહી છે. શહેરના મધ્યમાં આવેલા અને ઐતિહાસિક મહત્વ ધરાવતા ખાડિયા વોર્ડમાંથી એક અત્યંત ચોંકાવનારી અને સળગતી ખબર સામે આવી છે. ખાડિયા વોર્ડમાં ચાલતી ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની કામગીરીમાં મોટા પાયે ગેરરીતિઓ આચરવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો થયા છે. આ સમગ્ર કૌભાંડના કેન્દ્રમાં ખાડિયા વોર્ડના PHS (પબ્લિક હેલ્થ સુપરવાઈઝર) ભગવાનભાઈ ખાંટ સીધા કઠેડામાં આવી ગયા છે!

પ્રાપ્ત વિગતો અનુસાર, ખાડિયા વોર્ડમાં નાગરિકોના ઘર સુધી કચરો પહોંચાડવા અને એકત્ર કરવા માટે જે એજન્સી કે કોન્ટ્રાક્ટરને કામ સોંપવામાં આવ્યું છે, તે નિયમોને ઘોઈને પી રહ્યો છે. પંચકુવા, ગાંધીબ્રિજ અને આસપાસના વિસ્તારોમાં નિયમિત કચરા કલેક્શન થતું નથી, ગાડીઓ સમયસર આવતી નથી અને સફાઈની સ્થિતિ કંગાળ બની ચૂકી છે.

પરંતુ આશ્ચર્યની વાત એ છે કે પ્રજાની આ સમસ્યાઓ જોવા કે સાંભળવાને બદલે PHS ભગવાનભાઈ ખાંટ કથિત રીતે કોન્ટ્રાક્ટર સાથે મળીને પોતાના ખિસ્સા ભરવામાં વ્યસ્ત છે.

આક્ષેપો એવા છે કે કોન્ટ્રાક્ટર દ્વારા નિયમ મુજબની કામગીરી ન કરવા છતાં અને વાહનો કે સ્ટાફ પૂરતો ન હોવા છતાં, ભગવાનભાઈ ખાંટ દ્વારા દર મહિને કોન્ટ્રાક્ટર પાસેથી હપ્તા પેટે મોટી રકમની 'રોકડી' કરવામાં આવે છે! નિયમોને તાણમાં રાખીને ચાલતા આ હપ્તાશાહીના ખેલના કારણે ખાડિયાની જનતા હાલાકી ભોગવી રહી છે. આ સવાલ આજે ખાડિયાનો દરેક જાગૃત નાગરિક પૂછી રહ્યો છે. પંચકુવાથી લઈને ગાંધીબ્રિજ સુધીના વિસ્તારોમાં જો કચરાના ગંજ ખડકાયેલા રહેતા હોય અને કોન્ટ્રાક્ટર મનમાની કરતો હોય, તો તેની સામે કાર્યવાહી કરવાના બદલે તેને છાવરવામાં કેમ આવી રહ્યો છે? જો પી.એચ. એસ. ભગવાનભાઈ ખાંટ ખરેખર કોન્ટ્રાક્ટર પાસેથી લાખો રૂપિયાની માસિક વસૂલાત કરતા હોય, તો AMCના ઉચ્ચ અધિકારીઓ આજદિન સુધી કેમ મૂકપ્રેક્ષક બનીને બેઠા છે? શું મ્યુનિસિપલ તંત્રના વહીવટી અધિકારીઓ પણ આ ભ્રષ્ટાચારમાં ભાગીદાર છે? અને જો આ આક્ષેપો ખોટા હોય, તો તંત્ર કે ખુદ ભગવાનભાઈ ખાંટ દ્વારા અત્યાર સુધી કોઈ સ્પષ્ટ કેમ કરવામાં નથી આવી? શું આ આક્ષેપો પાછળ કોઈ આંતરિક ખેંચતાણ છે કે પછી જમીની સચ્ચાઈ છુપાવવાનો નિષ્ફળ પ્રયાસ?

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરની ઘાતક ચેતવણી : 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરનો સ્પષ્ટ અને કડક મત છે કે અમદાવાદના નાગરિકોના વેરાના પૈસાથી ચાલતી આ સિસ્ટમમાં ગંદકી સાફ કરવાના બદલે ભ્રષ્ટાચારનો કચરો ફેલાવનારા આવા અધિકારીઓને હવે બક્ષવામાં ન આવવા જોઈએ. AMCના સત્તાધીશો અને મ્યુનિસિપલ કમિશનરે આ મામલે તાત્કાલિક ધોરણે ઉચ્ચસ્તરીય તપાસ બેસાડીને PHS ભગવાનભાઈ ખાંટ અને સંબંધિત કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કડકમાં કડક દાખલારૂપ પગલાં લેવા જ જોઈએ, જેથી ભવિષ્યમાં પ્રજાના સ્વાસ્થ્ય અને હકો સાથે રમવાની કોઈની હિમ્મત ન થાય!

### 60 લાખની ઉચાપતને સીધી 6.06 કરોડ બનાવી દીધી!

# ખોટા સોગંદનામાથી હાઈકોર્ટને ગેરમાર્ગે દોરનાર ભ્રષ્ટ PI સામે સપાટો

**અમદાવાદ**



ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેના પર છે, તે જ ખાખીધારીઓ જ્યારે પોતાની મનમાની પર ઉતરી આવે અને અદાલત સમક્ષ ખોટી હકીકતો રજૂ કરીને ન્યાયતંત્રને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે, ત્યારે શું પરિસ્થિતિ સર્જાય? મહેસાણામાંથી એક અત્યંત સળગતી અને ચોંકાવનારી ખબર સામે આવી છે, જ્યાં તપાસનીશ અધિકારી (પીઆઈ) દ્વારા કોર્ટમાં એક એવું ઘાતક અને ખોટું સોગંદનામું (એફિડેવિટ) રજૂ કરવામાં આવ્યું કે ગુજરાત હાઈકોર્ટ પણ દંગ રહી ગઈ! માત્ર ૬૦ લાખ રૂપિયાની ગેરરીતિને સીધી ૬.૦૬ કરોડ રૂપિયાની ઉચાપત તરીકે દર્શાવીને અદાલત સમક્ષ નાટક કરનાર ભ્રષ્ટ પીઆઈ હવે પોતે કાયદાના સકંજામાં આવી ગયા છે.

મહેસાણાની 'મહિલા સેવા સહકારી બેંક લિ.' માં લાખો રૂપિયાની કથિત ગેરરીતિ અને કૌભાંડનું પ્રકરણ લાંબા સમયથી ચર્ચામાં છે. આ કેસમાં નંદાસણ શાખાના બ્રાન્ચ મેનેજર અને મુખ્ય આરોપી દીપા મહેતા દ્વારા કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. આ જામીન અરજીની સુનાવણી વખતે કેસના તપાસનીશ અધિકારી (પીઆઈ) દ્વારા કોર્ટમાં એક લેખિત એફિડેવિટ રજૂ કરવામાં આવ્યું હતું. આ સોગંદનામામાં હદ વટાવતા પીઆઈએ હકીકતો સાથે ચેડાં કર્યા હતા. વાસ્તવિક મામલો આશરે ૬૦ લાખ રૂપિયાની ઉચાપતનો હતો, પરંતુ તપાસ અધિકારીએ પોતાના અંગત સ્વાર્થ કે કોઈ આંતરિક રમતના ભાગરૂપે આ આંકડામાં રાક્ષસી વધારો કરી દીધો અને સીધા ૬.૦૬ કરોડ રૂપિયાના ટ્રાન્સફરની ખોટી અને ભ્રામક વાત એફિડેવિટમાં ઠાંસી દીધી!

અદાલત સમક્ષ આ પ્રકારે ગંભીર આંકડાકીય ભ્રામકતા ઊભી કરીને આરોપી સામેનો ગ્રાફ જાણી જોઈને મોટો દેખાડવાનો આ કાળો કારોબાર હતો.

### અંબાવાડીની પોશ માણેકબાગ સોસાયટીનો વિવાદ ગુજરાત હાઇકોર્ટમાં

# નવા સભ્યો પાસેથી 20 લાખની કથિત 'ડેવલપમેન્ટ ફી' વસૂલવાના મામલે રજિસ્ટ્રારના આદેશ ઉપર સ્ટે!

**અમદાવાદ**

અમદાવાદ શહેરના અતિ પોશ ગણાતા અંબાવાડી વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત માણેકબાગ સોસાયટી હાલ એક મોટા અને વિવાદાસ્પદ કૌભાંડને લઈને ચર્ચાના ચકડોળે ચડી છે. સોસાયટીમાં મિલકત ખરીદીને નવા આવતા સભ્યો પાસેથી કથિત રીતે અધધ... રૂ. ૨૦ લાખ જેટલી મોટી રકમ 'ડેવલપમેન્ટ ફી' પેટે વસૂલવામાં આવી રહી હોવાનો ગંભીર મામલો હવે સીધો ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચી ગયો છે. સરકારી નિયમો અને ટ્રાન્સફર ફીની સ્પષ્ટ મર્યાદાઓ હોવા છતાં સોસાયટીના સત્તાધીશો દ્વારા આ પ્રકારે મનસ્વી રીતે નાણાં ખંખેરવામાં આવતા હોવાની ફરિયાદ બાદ શરૂ થયેલી કાયદાકીય લડાઈમાં હાઈકોર્ટે હાલ પૂરતો સ્ટે આપીને સોસાયટીને વચગાળાની રાહત આપી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, માણેકબાગ સોસાયટીમાં જ્યારે પણ કોઈ નવું મકાન વેચાય કે નવો સભ્ય સોસાયટીમાં પ્રવેશ કરે, ત્યારે સોસાયટીના સંચાલકો દ્વારા નિયમો વિરુદ્ધ જઈને ભારેખમ રકમ વસૂલવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ કડીમાં, નવા સભ્ય પાસેથી કથિત રીતે પૂરા ૨૦ લાખ રૂપિયા જેટલી માતબર રકમ ડેવલપમેન્ટ ફીના નામે માંગવામાં આવતા મામલો ગરમાયો હતો.

સરકારના કાયદા અને સહકારી મંડળીના નિયમો મુજબ ટ્રાન્સફર ફી કે ડેવલપમેન્ટ ફીની એક નિશ્ચિત મર્યાદા હોય છે, છતાં સોસાયટી દ્વારા આ પ્રકારે મનમાની ચલાવાઈ રહી હોવાની વ્યાપક બૂમો ઉઠી હતી. આ અંગે એક પીડિત નવા સભ્ય દ્વારા સીધી રજિસ્ટ્રાર ઓફ હાઉસિંગ સોસાયટીઝ સમક્ષ લેખિત ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદના આધારે ગંભીર નોંધ લઈને રજિસ્ટ્રાર ઓફ હાઉસિંગ સોસાયટીઝ દ્વારા માણેકબાગ સોસાયટીની સ્થળ તપાસ કરવા અને સોસાયટીના તમામ મહત્વના રેકોર્ડ્સ અને દસ્તાવેજો રજૂ કરવાના આદેશો આપવામાં આવ્યા હતા.

### સાબરમતી પોલીસની શંકાસ્પદ ભૂમિકા

# ગુટકા ઉધાર ન આપવા બાબતે થયેલા જીવલેણ હુમલામાં વ્યક્તિનું મોત છતાં FIRમાં 'મર્ડર'ની કલમ નહીં

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોવાના વધુ એક કિસ્સામાં સાબરમતી પોલીસ સ્ટેશનની કામગીરી ગંભીર શંકાના રામાં આવી ગઈ છે. ગુટકા ઉધાર આપવાના સામાન્ય બાબતના વિવાદમાં થયેલા ઘાતક હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા એક વ્યક્તિનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે. છતાં સૌથી મોટો અને ચોંકાવનારો સવાલ એ છે કે વ્યક્તિનું મોત થઈ ચૂક્યું હોવા છતાં સાબરમતી પોલીસે હજુ સુધી FIRમાં હત્યા (મર્ડર) ની કલમ કેમ ઉમેરી નથી? આ ગંભીર બેદરકારી સામે મૃતકના પરિવારજનો અને સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાબરમતી વિસ્તારમાં સામાન્ય બાબતે એટલે કે ગુટકા ઉધાર ન આપવા મામલે આરોપીઓ દ્વારા ઉશ્કેરાઈને એક વ્યક્તિ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલો એટલો ઘાતક હતો કે ઈજાગ્રસ્ત વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ટૂંકી સારવાર કે સંઘ બાદ આ વ્યક્તિનું મોત નીપજ્યું હોવાની સત્તાવાર માહિતી સામે આવી છે. જ્યારે હુમલામાં ઈજા પામેલા વ્યક્તિનું મોત થઈ જાય, ત્યારે કાયદાકીય પ્રક્રિયા મુજબ પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે ગુનાના સેક્શન બદલીને હત્યાની કલમોનો ઉમેરો કરવો અનિવાર્ય બની જાય છે. પરંતુ સાબરમતી પોલીસ સ્ટેશનના પીઆઈ યુવરાજસિંહ વાઘેલાની આગેવાની હેઠળ ચાલી રહેલી આ તપાસમાં કલમો બદલવામાં કેમ વિલંબ થઈ રહ્યો છે અથવા ટાળવામાં આવી રહી છે, તે મોટો પ્રશ્ન છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર અને જાગૃત નાગરિકો દ્વારા પોલીસ તંત્ર સામે સીધા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે: શું પોલીસ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી રહી છે કે પછી કોઈના દબાણ હેઠળ કેસને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે? જીવલેણ હુમલા બાદ વ્યક્તિનું મોત નીપજવા છતાં ગુનાની ગંભીર કલમોમાં સમયસર જરૂરી ફેરફાર કેમ કરવામાં આવ્યો નથી?

## અંબર ટાવર પાસે ટૂ-વ્હીલરની ટક્કર બાદ ડમ્પરના ટાયર નીચે કચડાતા શ્રમિકનું મોત

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં બેફામ દોડતા વાહનો અને ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડાડતી વાહનવ્યવહારની સ્થિતિને કારણે વધુ એક નિર્દોષ શ્રમિકે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. શહેરના અતિ વ્યસ્ત ગણાતા સરખેજથી વિશાલા તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલ અંબર ટાવર પાસે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. મશીનરી વિભાગમાં હેલ્પર તરીકે પ્રામાણિકપણે ફરજ બજાવતા ભીમા રામ નામના શ્રમિક યુવકનું રસ્તો ક્રોસ કરતી વેળાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ ઘટનાથી મૃતકના પરિવારમાં આક્રંદ મચી ગયો છે અને સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો છે. પ્રાપ્ત પ્રાથમિક વિગતો અનુસાર, મૃતક ભીમા રામ મશીનરી વિભાગમાં હેલ્પર તરીકે કામ કરતા હતા. રવિવારે તેઓ સરખેજથી વિશાલા તરફના માર્ગ પર અંબર ટાવર પાસેથી પસાર થઈ રહ્યા હતા અને રોડ ક્રોસ કરી રહ્યા હતા.

### સરખેજમાં યુવતીનો આતંક

# રોંગ સાઈડમાં બાઈક હંકારતા સગીરોના કાંઠલા પકડીને જાહેરમાં દીધી બેફામ ગાળો

## અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા: યુવતીની દાદાગીરીનો લાઈવ વીડિયો વાયરલ થતાં પોલીસ દોડતી થઈ!

**અમદાવાદ**



અમદાવાદ શહેરના સંવેદનશીલ ગણાતા સરખેજ -જુહાપુરા વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારો અને વિવાદાસ્પદ કિસ્સો સામે આવ્યો છે. ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડાડવાની સાથેસાથે ખુલ્લેઆમ દાદાગીરી કરવાના કિસ્સાઓ તો અવારનવાર સામે આવતા હોય છે, પરંતુ હવે રોડ પર મહિલાઓ કે યુવતીઓ પણ કોઈથી કમ નથી તેમ બતાવવા માટે કાયદો હાથમાં લેવા લાગી છે. સરખેજમાં આવેલ પ્રખ્યાત સાવન પાર્ટી પ્લોટ પાસે એક યુવતીએ જાહેરમાં બે સગીર યુવકોના કાંઠલા પકડીને તેમને ધમકાવ્યા હોવાની અને બેફામ ગાળો ભાંડ્યાની ઘટનાએ ભારે ચકચાર જગાવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સરખેજ-જુહાપુરા રોડ પરથી બે સગીર યુવકો પોતાની બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓ રોંગ સાઈડ (વરંગા સાઈડ) માં બાઈક હંકારીને આવી રહ્યા હતા. રોંગ સાઈડમાં વાહન ચલાવવાના કારણે રસ્તા પર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી અને અકસ્માત જેવી સ્થિતિ ઊભી થઈ હતી. આ જોઈને ગુસ્સે ભરાયેલી એક યુવતીએ પોતાનો આપા ખોઈ નાખ્યો હતો અને બાઈક સવાર બંને સગીરોને આડેહાથ લીધા હતા. વાત અહીં અટકી નહીં, પરંતુ ગુસ્સામાં આગબબૂલ થયેલી આ યુવતીએ જાહેરમાં રાહદારીઓની નજર સામે જ બંને સગીર યુવકોના કાંઠલા પકડી લીધા હતા અને તેમને રસ્તા વચ્ચે જ ધોળા દિવસે બેફામ ગાળો આપવાનું શરૂ કરી દીધું હતું. આ દ્રશ્યો જોઈને આસપાસના લોકો પણ એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયા હતા કે આખરે મામલો શું છે.

## સંક્ષીપ્ત સમાચાર

### અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં ખળભળાટ: મિત્રોને મળવા નીકળેલા કોલેજીયન યુવકની ઘાતકી હત્યા

અમદાવાદ શહેરના ઈસનપુર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરતી એક અત્યંત ચોંકાવનારી અને લોહિયાળ ઘટના સામે આવી છે. ઘરેથી પોતાના મિત્રોને મળવા માટે હસતા-રમતા નીકળેલા એક યુવકની ઘાતકી હત્યા કરી દેવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર અને સનસનાટી મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઈસનપુર વિસ્તારમાં આવેલા તીર્થભૂમિ એપાર્ટમેન્ટના કમ્પાઉન્ડમાં આ રક્તપાતની ઘટના ઘટી છે. સિલ્વર ઓક કોલેજમાં અભ્યાસ કરતો જીગર સોલંકી નામનો યુવક પોતાના ઘરેથી મિત્રોને મળવા માટે નીકળ્યો હતો. તે દરમિયાન તીર્થભૂમિ એપાર્ટમેન્ટના કમ્પાઉન્ડમાં અજાણ્યા શખ્સો દ્વારા તેના પર અચાનક જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો.

### જુહાપુરામાં લફંગા અને લૂંખા તત્વોનો આતંક: જાહેરમાં છૂટા હાથની મારામારીથી ડરનો માહોલ

'વાહ રે ગુજરાત, અને વાહ રે અહીંની સુરક્ષા વ્યવસ્થા!' ગુજરાતના વિકાસના મોટા દાવાઓ વચ્ચે પ્રશ્ન એ થાય છે કે આખરે આવું ડાકુરાજ અને અરાજકતાવાળું ગુજરાત કોણે બનાવ્યું? રાજ્યના પાટનગર સમાન અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળી ચૂકી છે તેનો વધુ એક કાળઝાળ અને શરમજનક નમૂનો સામે આવ્યો છે. અમદાવાદના સૌથી સંવેદનશીલ અને મોટા ગણાતા જુહાપુરા વિસ્તારમાં જાહેરમાં લૂંખા અને અસામાજિક તત્વો દ્વારા ખુલ્લેઆમ છૂટા હાથની મારામારી અને ભારે આતંક મચાવવાની ઘટનાએ સમગ્ર શહેરમાં ખળભળાટ મચાવી દીધો છે. મળતી માહિતી મુજબ, અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ દિવસેને દિવસે એટલો હદે વધી ગયો છે કે હવે સામાન્ય નાગરિકોનું જીવવું પણ મુશ્કેલ બન્યું છે. જુહાપુરાના મુખ્ય માર્ગો અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં કાયદો કે પોલીસનો કોઈ જ ડર ન હોય તેમ લૂંખા તત્વો બેફામ બનીને ફરી રહ્યા છે.

### કાલુપુર સ્ટેશને આંગડિયા કર્મચારીની બંડી કાપી ₹15 લાખના હીરા સેરવી લીધા: તસ્કરોએ ભીડનો લાભ લીધો

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 7 પર ગુજરાત મેઈલ ટ્રેનમાં ચઢતી વખતે ભીડનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરે પટેલ જયંતિભાઈ સોમાભાઈ આંગડિયા પેઢીના કર્મચારીની ખાસ બંડી કાપીને રૂ. 15 લાખની કિંમતના 11,901 નંગ પોલિશ કરેલા હીરા ભરેલા પાર્સલની ચોરી કરી લીધી હતી. આ અંગે રેલવે પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધાયો છે. મૂળ રાજસ્થાનના અને હાલ અમદાવાદના રાયપુરમાં રહેતા 53 વર્ષીય મંછારામ પ્રજાપતિ છેલ્લા 10 વર્ષથી આંગડિયા પેઢીમાં નોકરી કરે છે. 29 સપ્ટેમ્બરે તેઓ ભાગીદાર મદનસિંગ રાઠોડ સાથે મુંબઈ સુધી કિંમતી સામાન પહોંચાડવા નીકળ્યા હતા. ખાસ ડિઝાઈન કરેલી બંડીમાં હીરાના પાર્સલ મૂકીને તેઓ અમદાવાદ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. પ્લેટફોર્મ નંબર 7 પર ગુજરાત મેઈલ ટ્રેનમાં થેલો મૂકીને બીજો થેલો લેવા દરવાજા પાસે જતાં ભીડનો લાભ લઈ તસ્કરે ધારદાર વસ્તુ વડે પેન્ટ અને અંદરની ખાસ બંડી કાપી નાખી હતી.

### નકલી Instagram IDથી વિદ્યાર્થિનીને મેસેજનો આક્ષેપ: મણિનગરની સ્કૂલમાં શિક્ષકને લાફા ઝીંકાયા

અમદાવાદની વધુ એક સ્કૂલ વિવાદમાં આવી છે. મણિનગરમાં પ્રગતિ સ્કૂલનો એક શિક્ષક નકલી ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવીને વિદ્યાર્થિનીને અશ્લીલ મેસેજ કરતો હોવાનો આક્ષેપ થયો હતો. વિદ્યાર્થિનીના મિત્રએ તપાસતા તે બીજુ કોઈ નહીં પણ સ્કૂલનો જ કોમ્પ્યુટરનો શિક્ષક નીકળ્યો. બાદમાં આક્રોશિત મિત્રએ સ્કૂલમાં જઈ શિક્ષકનો મોબાઈલ ચેક કરતા તેમાંથી અલગ અલગ નકલી ઈન્સ્ટાગ્રામ આઈડી મળી હતી. બાદમાં મિત્રએ શિક્ષકનો ફોન ફેકી દીધો અને લાફા ઝીંકી દીધા હતા. જેનો વીડિયો પણ વાઈરલ થયો છે. ઉલ્લેખનીય છે કે સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચતા બંને પક્ષે સમાધાન થઈ ગયું છે અને સ્કૂલે શિક્ષકને ટર્મિનેટ કરી દીધો છે.

### ડીસ્ટીલ ઓઇલ આપવાના બહાને ગઠિયાઓએ વેપારી પાસેથી 20 લાખ પડાવ્યા

અમદાવાદમાં સાયબર ગઠિયાઓએ વેપારીઓને નિશાન બનાવતા બે કિસ્સા સામે આવ્યા છે. ઘાટલોડિયામાં રહેતા 83 વર્ષીય ઓઈલ વેપારી પાસેથી ડિસ્ટિલ ઓઈલ મોકલવાના બહાને ઠગોએ એડવાન્સ પેટે કુલ 20 લાખ પડાવ્યા હતા. 30 ટન ઓઈલ આપવાનું કહી 33.25 લાખનું બિલ બતાવી અલગ-અલગ તબક્કે રકમ ટ્રાન્સફર કરાવી હતી, પરંતુ માલ મોકલ્યો નહોતો. બીજા બનાવમાં પાલડીના વેપારીને ગેસ બિલ બાકી હોવાનો મેસેજ મોકલી APK ફાઈલ ડાઉનલોડ કરાવી હતી. ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ OTP અને બેંક સંબંધિત મેસેજ આવ્યા અને ખાતામાંથી 7.73 લાખ ઉપડી ગયા હતા. બંને મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI